અમેરિકી વૈજ્ઞાનિકોએ એક એવી ખોજ તો કરી લીધી છે કે સાધારણ તીવ્ર ધ્વનિતરંગ પણ ઉંદર તથા કિડીઓ માટે મૃત્યુકારક છે એક અમેરિકી કોલેજમાં સમ્પાદિત

વાળા ધ્વનિ આંદોલનનો ઉપયોગ બે અમેરિકન ડોકટરોએ શોધી કાઢયો છે, એમ, યેઈલ વિદ્યાપીઠની તબીબી શાળા જણાવે છે. આ ડોકટરોએ પથરીમાં કાણું પાડી તેને તોડી નાખવા માટે ઉચ્ચગતિવાળા અવાજનાં મોજાનો ઉપયોગ કર્યો છે

અવાજના પ્રબળ મોજાંઓમાં ઉપર જણાવ્યા મુજબની અદ્ભુત શક્તિ વૈજ્ઞાનિકોને જેમ જાણવા મળી છે. તેમ ઓછી ધ્રુજારીવાળા મોજાંઓની શક્તિઓના ઉપયોગથી કાળમીંઢ પથ્થર જેવા સખતમાં સખત ખડકને પણ તોડી નંખાય તેવા મશીનો તૈયાર કરવામાં વૈજ્ઞાનિકો સફળ બન્યા છે

ધ્વનિ તરંગો ચક્ષુથી દેખાતાં નહિ હોવા છતાં પ્રાણીઓના શરીરમા પ્રવેશી હાનિકારક કેવી રીતે બની શકતા હશે? તે શંકાનું સમાધાન અણુઓંબના સ્ફોટથી થતી હાનિકારક ક્રિયાથી સ્પષ્ટ રીતે થઈ શકે છે.

અણુઓમ્બના સ્ફોટથી યુરેનિયમ અથવા પ્લુટોનિયમ ધાતુના અણુઓનો સ્ફોટ થતાં તેમાંથી કિરણોત્સર્ગ થાય છે, આપણે અગ્નિ પાસે બેસીએ તો તેમાથી ગરમીના કિરણો મોજારૂપે પ્રસરે છે, પણ આપણે તે જોઈ શકતા નથી કિરણોત્સર્ગ પણ જોઈ શકાતાં નથી. પરંતુ તેમની પ્રકૃતિ વિચિત્ર છે. તેઓ માણસ યા કોઈપણ જીવ કે વનસ્પતિને સ્પર્શ કરે એટલે તેના શરીરમા ઉતરી જાય, અને શરીરના કોષોનુ વિસર્જન કરવા માંડે આથી તેનું મૃત્યુ થાય શરીરમા તે હાડકાની અંદર છેક ઉતરી જાય છે

અન્નામલાઈ યુનિવર્સિટીમાં થોડાક વૃક્ષ-વેલાને વાયો લિન તથા સિતારના સંગીત ધ્વનિનો લાભ અમુક વખત સુધી રોજ સવાર-સાંજ આપવામાં આવેલો, અને તે જ પ્રકારના બીજા થોડાક-વૃક્ષવેલાને એ જ સ્થિતિમાં પણ સંગીત વિહોણા રાખવામાં આવેલા. થોડાક મહિનાને અંતે બન્ને જૂથના વિકાસમાં સ્પષ્ટ ફેર પડેલો દેખાયો. સંગીત ધ્વનિ સ્પર્શિત વેલ-વૃક્ષ વધારે સારા ખીલી ઉઠયા હતાં. વિજ્ઞાનની પરિભાષામાં સંગીતથી વનસ્પતિના 'પ્રોટોપ્લાઝમ'ની ગતિ ઝડપી બનતાં એ જલદી તથા વધારે સારી રીતે ખીલી ઉઠે છે સવારે અને સાંજે સંગીતનું પાન કરાવવામાં આવે તો વનસ્પતિની સુસ્તી દૂર થાય છે, અને દોઢથી ડબલ પ્રમાણમાં ઓકસીજનનો ઉચ્છ્વાસ કરે છે. કયા પ્રકારના વૃક્ષને કયા પ્રકારનો સંગીતધ્વનિ અનુકૂળ બને છે, તે હજી જાણી શકાયું નથી અત્યાર સુધીમાં ગ્રામોફોન રેકોર્ડ, વીજળીની ઘંટડી, ઘોંઘાટકારી અવાજ, વિવિધ વાદ્યોના ધ્વનિ, નૃત્યના ઘુઘરાનો રણકાર, વગેરે અનેક પ્રકારના સુરા અને બેસુરા અવાજોની અજમાયશ થઈ છે, એ ઉપરથી અત્યાર સુધીમાં માત્ર એટલું જાણી શકાયું છે કે, મોટા ભાગના વૃક્ષોને વાયોલિન અથવા સિતારના જેવા તીખા અને બારીક સ્વર વધારેમાં વધારે પ્રિય લાગે છે. બીજા કેટલાક પ્રયોગો પરથી એમ જણાયું છે કે વનસ્પતિને હળવુ સંગીત કે ફિલ્મી ગીતો કરતા શાસ્ત્રીય સંગીત વધારે અનુકુળ પડે છે

જો કોઈ વનસ્પતિને વધારેમાં વધારે અનુકૂળ સંગીત

છે. અંધારાનો પડદો પાતળો હોય તો નજીકની ચીજો ઝાંખા દેખાય છે. પરંતુ દૂરની વસ્તુ જોવામાં વચ્ચે અંધારાનો જાડો પડદો આડો આવી જવાથી તે વસ્તુ જરા પણ દેખાતી નથી માટે અંધારૂં એ પુદ્‌ગલરૂપ છે. સૂર્ય કે ચંદ્રાદિકના પ્રકાશને લીધે વિશ્વમાં ભરેલાં પુદ્‌ગલોનો તેજસ્વી પરિણામ થાય છે, અને દરેક પુદ્‌ગલ ચમકે છે એ પ્રકાશના જવાથી પુદ્‌ગલોનો જથ્થો કાળા પરિણામને પામે છે. તે જથ્થાનું નામ જ અંધારૂં છે. તેનો રંગ કાળો દેખાય છે. તેનો ગંધ-રસ-સ્પર્શ તે અવ્યક્ત હોય છે. 'પ્રકાશનો અભાવ' તે અંધારૂં છે, એ જાતની નૈયાયિકાદિકોની માન્યતા અવૈજ્ઞાનિક છે. અંધકારના પુદ્‌ગલો ઔષધ તરીકે પણ મદદ કરતા હોય છે. માટે અંધારૂં એ કાળા રંગે પરિણમેલા પુદ્‌ગલ અણુઓનો જ જથ્થો છે. સૂર્ય–દીપક–અગ્નિ આદિ પ્રકાશક પદાર્થોનો કિરણપ્રવાહ તે પ્રકાશકોમાથી અનુક્રમે નીકળતા પ્રકાશકિરણો સાથે જ્યા સુધી સંબંધિત રહે છે, ત્યાં સુધી તે પ્રકાશિત રહી અન્ય પદાર્થના રૂપને જોવામાં ચક્ષુધારક પ્રાણીઓને સહાયક બને છે. પરંતુ પ્રકાશક પદાર્થ દૂર હટી જાય છે, અથવા તેના આડે કોઇ આવરણ આવી જાય છે, ત્યારે આવરણ આવી ગયાના પહેલાનાં પ્રસરિત કિરણ અણુઓનું અંધકાર અણુઓમા પરિવર્તન થઇ જાય છે એટલે પ્રસરિત કિરણ અણુઓ નષ્ટ થતા નથી પણ, પ્રકાશસ્વરૂપ પુદ્‌ગલ પર્યાયમાથી પલટો પામી અંધકારસ્વરૂપ પુદ્‌ગલપર્યાયને પામતા હોવાથી પદાર્થના રૂપને જોવામાં પ્રાણીઓને સહાયક બની શકતાં નથી.

શબ્દ અને અંધકારની માફક છાયા પ્રતિબિંબને પણ

તે છાયા પુદ્ગલો દિવસે અભાસ્વર (અન્યને પ્રકાશિત નહિ કરનાર) વસ્તુમાં પડેલાં હોય તો તે સ્વસંબંધી દ્રવ્યની આકૃતિને ધારણ કરતાં શ્યામ રૂપે (કંઈક કૃષ્ણ રૂપે) પરિણત થાય છે. અને રાત્રે કૃષ્ણ રૂપે પરિણત થાય છે આ વાત દિવસે સૂર્યના કિરણો પ્રસરે છે ત્યારે, અને રાત્રે ચન્દ્રના પ્રકાશમા પ્રત્યક્ષ સિદ્ધ છે. તે છાયા પુદ્ગલો આરિસાદિ ભાસ્વર (અન્યને પ્રકાશિત કરનાર) દ્રવ્યોમાં પ્રતિબિંબિત થયેલાં સ્વસંબંધી દ્રવ્યના આકારને ધારણ કરતા, તથા સ્વસંબંધી દ્રવ્યમા કૃષ્ણ–નીલ–શુક્લ કે પીત, જેવા પ્રકારનો વર્ણ હોય તેવા રૂપે પરિણમે છે, અને તેઓની આરિસા વગેરેમા ઉપલબ્ધિ થાય છે, એ પ્રત્યક્ષ સિદ્ધ છે જે વસ્તુનાં છાયા પુદ્ગલો આરિસામા સંક્રમીને પોતાના(અર્થાત્ વસ્તુના) વર્ણરૂપે અને આકારરૂપે પરિણમે છે, તે જ વસ્તુની તેમા ઉપલબ્ધિ થાય છે, તો પણ તે પુદ્ગલો પ્રતિબિંબ શબ્દ વાચ્ય છે આ ઉપરથી સમજાય છે કે અભાસ્વર પદાર્થમા પડેલી છાયા તે દિવસે કંઈક કૃષ્ણ રૂપે અને રાત્રિએ કૃષ્ણ રૂપે હોય છે અને ભાસ્વર પદાર્થમા પડેલી છાયા તે વસ્તુના પોતાના જ વર્ણ જેવી હોય છે. જે આરિસાદિમાં વસ્તુનાં છાયા પુદ્ગલો સંક્રાન્ત થાય છે તે આરિસાદિમા જ તે વસ્તુની ઉપલબ્ધિ (પ્રત્યક્ષતા) થાય છે, ભીન્તમાં થતી નથી. કોઈને અંતરે ન હોય અથવા અતિ દૂર ન હોય એવાં જ સ્થૂલ દ્રવ્યોના કિરણો આરિસા વગેરેમાં સંક્રાન્ત થાય છે

આજે તો અતિ દૂર અને અન્ય પદાર્થોના અંતરે

હોય છે કે આપણે તેને જોઈ શકતા નથી. તો પણ તે પુદ્‌ગલ સ્કંધોનો સમુદાય, પ્રકાશાદિના નિમિત્ત દ્વારા અગર કોઈ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા તદાકાર પિંડિત થઇ જાય છે, ત્યારે આપણે તેને જોઈ શકીએ છીએ અને તેને છાયા યા પ્રતિબિંબના નામે ઓળખીએ છીએ પ્રતિબિંબ યા છાયા સ્વરૂપે પિંડિત બની રહેલ અને પિંડિત થયા પહેલાં ફુવારાની ધારની માફક છૂટા છૂટા વહી રહેલ તે સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધોની પ્રાણીઓ ઉપર સારી યા નરસી અસર થઈ શકતી હોવાથી પણ તે પુદ્‌ગલસ્વરૂપ હોવાનું નક્કી થાય છે

પદાર્થમાથી ફુવારાની માફક વહેતા સૂક્ષ્મ પુદ્‌ગલ સ્કંધોને કોઈક લોકો ઓજસ–આભા–પણ કહે છે અગ્રેજીમા તેને મેગ્નેટીઝમ અથવા મેગ્નેટીક ફ્લ્યુઈડ કહે છે. તે વિશ્વના સ્થૂલ પરિણામી પદાર્થોમાંથી નજરે ન દેખાય તેવું પાણી યા વીજળી જેવું વહેતું સૂક્ષ્મ દ્રવ્ય છે

કેટલીક વસ્તુઓમાંથી વહેતા એ દ્રવ્યને આપણે આપણી સુંઘવાની ઈન્દ્રિયથી જાણી શકીએ છીએ કપુર અને હિંગ તે આપણાથી દસ હાથ છેટે પડ્યા હોય તો પણ તેમાંથી વહેતા દ્રવ્યના ગુણથી નાક વડે આપણે તેને જાણી શકીએ છીએ આવી રીતે લાકડું, લોઢું, પથ્થર ગમે તે વસ્તુમાંથી દ્રવ્ય તો નીકળ્યા જ કરે છે પણ તે દ્રવ્યની સુગંધને આપણું નાક જાણી શકતુ નથી માટલામાં ભરેલી સાકરને આપણું નાક ન જાણી શકે, પણ કીડીનું નાક જાણી લે છે આવી રીતે માણસ, ઘોડો, ગાય, બિલાડી, કુતરો, પોપટ અને



એ છે કે એ ઝેર શરીરમાં ૧૦૦ ડીગ્રીએ ઉકળતા પાણીમાં પણ નાશ પામતું નથી ગરમીમાં રાખ્યા પછી કે પાણીમાં ઉકાળ્યા પછી પણ એની વનસ્પતિ સૃષ્ટિ ઉપર ઉગ્ર અસર કરવાની તાકાત જેમની તેમ જ જોવા મળે છે. શરીર સ્વાસ્થ્ય માટે આ ઝેર હાનીકારક છે. તેના સ્પર્શથી જીવનશક્તિનો ક્ષય થાય છે'

રજસ્વલા સ્ત્રી અસ્પૃશ્ય શા માટે ગણાવી જોઇએ? તેની આ એક વૈજ્ઞાનિક આવૃત્તિ છે. પ્રાચીન સંસ્કારને આ માહિતીથી ભારે પ્રમાણભૂત બળ મળે છે

મુંબઇથી પ્રકાશિત 'નવનીત' ગુજરાતી ડાયજેસ્ટ (માસિક)ના સપ્ટેમ્બર ૧૯૬૨ ના અંકમા 'મક્કા અને કાબા' શિર્ષક લેખમા તેના લેખકે જણાવ્યું હતુ કે, 'મક્કામા રહેલ સંગેઅસવદ' નામે પથ્થર જે મુસલમાનોને પૂજનીય છે, તે મુસલમાનોની માન્યતાનુસાર પ્રથમ દૂધ જેવો સફેદ હતો પરંતુ એક રજસ્વલા સ્ત્રીના સ્પર્શથી કાળો પડી ગયો હતો'

ચન્દન, તુલસી, લીમડો, વડ, પીપળો, આમળા વગેરે તંદુરસ્તી માટે ઉપયોગી માન્યા છે, તેની પાછળ પણ તે તે પદાર્થોમાથી વહેતા પરમાણુનુ તત્ત્વજ્ઞાન છે

એક પાશ્ચાત્ય ડોક્ટરે ભારતમા લીમડાના ઝાડ જોઈ આશ્ચર્ય પામીને કહ્યું હતું કે, 'આ દેશમાં આવાં ગુણ નાગર વૃક્ષો હોવા છતાં, યુવકો અને બાળકોનું આવડું મોટ

શુદ્ધ ભોજનપાનથી ત્યાગભાવના અને અશુદ્ધ ભોજનપાનથી ભોગ ભાવના, સ્વાર્થભાવના, હિંસા, જૂઠ, ચોરી વ્યભિચાર આદિને પ્રોત્સાહન અને સંવર્ધન મળે છે અને તેથી દેશના નૈતિક પતન થાય છે.

અસ્પૃશ્યતામાં ભોજનપાનની શુદ્ધિનું તત્ત્વ નિહિત રહે છે. માત પિતાઓના રજોવીર્યનો સમ્બન્ધ અને મલ-મૂત્ર–ચર્મ–માંસ–મદિરા આદિના પરમાણુઓમા ગતદિવસ રહેવા પૂર્વક તેમાં જ રાત દિવસ પ્રવૃત્તશીલ રહેવાથી શરીર અને આત્મા બન્નેમાં અમુક અપેક્ષાએ અશુદ્ધિ આવી જવાથી આત્મામા શુદ્ધ ભાવોનો ઉદય હોઈ શકતો નથી એવા અશુદ્ધ ભાવોદયી મનુષ્યના શરીરમાથી પ્રસરતી આભા તેના સંસર્ગમાં આવનારને પણ અશુદ્ધ ભાવોદયી બનાવે છે

ધર્મ એ અવશ્ય આત્માની જ વસ્તુ છે પરંતુ શરીરની સાથે આત્માનો અતિનિકટ સંબંધ છે. આત્મામા કોઈ પણ વસ્તુના પ્રવેશ માટે દ્વારની જરૂરીયાત છે. આત્માનું દ્વાર શરીર છે શરીરમાં થઈને જ આત્મામાં આત્માની દ્વારા કંઈ પણ ધારણ કરી શકાય છે. ધર્મનો અર્થ ધારણ કરવું થાય છે. માટે જ્યારે શરીર ધર્મથી અનુરૂપ હોય ત્યારે જ આત્મા વડે ધર્મ નામની વસ્તુ ધારણ કરી શકાય છે. શરીરરૂપી દ્વાર અશુદ્ધ હોય તો તેમાં થઈને જે ચીજ આત્મામા જાય છે, તે અશુદ્ધ અને અપવિત્ર બની જાય છે અને તેથી આત્માને કોઈ પણ રીતે લાભદાયક થતી નથી માટે માનવુ પડે છે કે આત્માની શુદ્ધિ માટે શરીર શુદ્ધિ

દૂર દૂર ગરમ લાગે અને બીજી વસ્તુને પણ ગરમ કરી શકે છે. અગ્નિની માફક જેનો સ્પર્શ ગરમ હોય તેનો પ્રકાશ તો ગરમ હોય જ તે સ્વાભાવિક છે. પરંતુ આ 'આતપ' નામે પરિણામમાં તો ખૂબી એ છે કે તે પરિણામ પામેલા શરીરનો સ્પર્શ શીત છે, અને પ્રકાશ ઉષ્ણ છે. આવો પરિણામ જગતના બીજા કોઈ પ્રાણીઓના શરીરમાં નહિ હોતા માત્ર સૂર્યના વિમાનની નીચે રહેલા બાદર પૃથ્વીકાયના જીવોને જ હોય છે. સૂર્યનુ બિંબ જે આપણે જોઈએ છીએ તે સોના, લોઢા વગેરેની માફક એક જાતની પાર્થિવ રચના છે અને તેમાં સૂર્ય નામની દેવ જાતિ રહે છે. પરંતુ એ પાર્થિવ બિંબમા પૃથ્વીકાય જીવો ઉત્પન્ન થાય છે. અર્થાત્ એ બિંબ અસંખ્ય પાર્થિવ જીવોના શરીરના સમૂહરૂપ હોય છે તેમાં મૂળ સ્થાને ગરમી નથી, પણ દૂર દૂર વધારે ને વધારે ગરમી હોય છે જો કે આ એક વિચિત્ર હકીકત છે, પણ તે ખાસ જાણવા જેવી છે. સૂર્યનો તાપ આપણને ઉષ્ણ લાગે છે, પણ શાસ્ત્રકારો આપણને સમજાવે છે કે સૂર્ય પોતે એટલો ગરમ નથી. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે કયા સ્વરૂપે વર્તતા પ્રકાશને જૈન સિદ્ધાંતકારે 'આતપ' તરીકે ઓળખાવ્યો છે હવે તે આતપ સ્વરૂપ પ્રકાશ તે એક પદાર્થ અર્થાત્ મેટર સ્વરૂપે કેવી રીતે સાબિત થાય છે, તે વિચારવાનું છે.

એક વાત આધુનિક વૈજ્ઞાનિક ક્ષેત્રમાં પણ સિદ્ધ થઈ ચૂકી છે કે ગુણ તે પદાર્થને આશ્રિત જ હોય. પદાર્થ સિવાય

બીજા ખૂણામાંથી ગુલાબના ફુલની સુગંધ આવવા લાગી. બ્રન્ટન આશ્ચર્ય પામી ગયા. પછી તેમણે રૂમાલના બીજા ખૂણાઓમાં પણ વિવિધ રંગ અને ગંધની ઇચ્છા કરી અને તે પ્રમાણે રંગ તથા ગંધ આવ્યા પણ ખરા !

યોગીરાજે રૂમાલને સ્પર્શ કર્યા વિના જ પોતાના યોગ બળે સૂર્યનાં કિરણોમાંથી રંગ તથા ગંધનું આકર્ષણ કર્યું હતું અને એ રંગ તથા ગંધ અનેક દિવસો સુધી તે રૂમાલમા રહ્યા હતાં. શ્રી બ્રન્ટને પોતે અનુભવેલા આ ચમત્કારનુ વર્ણન પોતાના જાણીતા ગ્રંથમાં કર્યું છે

સૂર્યનાં કિરણો સફેદ પ્રકાશ પાડે છે, પણ એ પ્રકાશ ખરેખર સફેદ નથી. સાત રંગોનો એ મિશ્ર રંગ છે એ હકીકત ત્રણસો વરસ પહેલાં બ્રિટિશ વિજ્ઞાની 'સર ન્યૂટને' સૂર્યકિરણોની આડે ત્રિપાર્શ્વ કાચ ધરીને પૂરવાર કરી આપી હતી. જાબલી, ગળીનો રંગ, વાદળી રંગ, લીલો, પીળો, નારંગી અને રાતો એમ સાત જુદા રંગ સૂર્યકિરણોમા હોય છે વૈજ્ઞાનિકોએ સૂર્યના પ્રકાશની ગતિ સેકન્ડના ૧,૮૬૦૦૦માઇલની જણાવી છે પણ પ્રયોગોએ પૂરવાર કર્યું છે, કે કિરણોના સાતે રંગોની ગતિ સરખી હોવા છતા એના પ્રકાશ મોજાની લબાઇ (વેવ લેન્થ) ઓછી વધતી હોય છે. એક સેન્કડ માટે માપ લેવાતાં આ ખબર પડી અને એમાંથી વિજ્ઞાને નવી દિશા પકડી કે આમાંના એક જ રંગ જુદો વાપરી શકાય કે નહિ ?

વર્તમાન વિજ્ઞાને ખરેખર ! એક અત્યંત તીવ્ર કાંડું

કિરણો અને પરમાણુઓ મારફતે આકર્ષાય છે જેથી તે પાણી તે જાતના રંગનો ગુણ પોતામાં લે છે દરદીને તે પાણી પાવાથી આરામ થાય છે. વળી ચોક્કસ શરીરના ભાગો પર કાચની કેબીન બનાવીને અથવા કાચના કટકા વડે દરદવાળા ભાગ પર તેવા રંગનુ જ અજવાળું સૂર્યના તડકા મારફતે નાખવાથી દરદ સાજું થાય છે. ગરમી ઉત્પન્ન કરનારો રંગ જો શરીરમા ઓછો થઈ જાય છે, તો માનવીને શરદીનું દરદ થાય છે તેવે વખતે ગરમી ઉત્પન્ન કરનારા તે જાતના રંગનું પાણી, યાને તેવી રીતની રંગની બાટલીમાં સૂર્યનો તાપ દેખાડેલું સ્વચ્છ પાણી કે સૂર્યના તેવા રંગના કિરણો મારફતે શરદી દૂર થઈ શકે છે તે જ પ્રમાણે શરદીનો રંગ કમતી થયે, માનવીને ગરમીના દરદો થાય છે એ રીતે જુદી જુદી શારીરિક મુશ્કેલીમા ઘણા રંગના કાચો વપરાય છે પણ મુખ્ય તો ત્રણ છે.

(૧) બ્લુ રંગ–ઘણો જ ઠંડક આપનારો વીજળિક અસરવાળો અને અગન નરમ પાડનારો છે. તથા ગરમીના દરદો પર ઘણો અકસીર છે. જે જુદી જુદી રીતે વપરાય છે બેગ રંગમા લાલ રંગનુ તત્વ આવે છે, જેથી કેટલાક એવા દરદો છે કે જેમા ઠંડકની અગર સાથે સહેજ ગરમી પણ આપવાની જરૂર રહે છે, તેવે વખતે ઘેરો બ્લુ રંગ વાપરવામા આવે છે

(૨) પીળો રંગ–આદતની કબજીયાત મટાડવા માટે ઘણો જ અકસીર છે. એ જ પ્રમાણે –

સૂર્યની શક્તિ આપણા શરીરમાં પ્રવેશ કરે છે. એ એક સિદ્ધ થયેલી વાત કહી શકાય છે.

આયુર્વેદમા પણ સૂર્યસ્નાન અને સૂર્ય ચિકિત્સાના પ્રકારો વર્ણવેલા છે સૂર્ય ચિકિત્સાનું આખું શાસ્ત્ર જ ભિન્ન છે. એમાં કઈ રીતે અને કેવા પ્રકારે સૂર્યનાં કિરણોનો શરીરમાં પ્રવેશ કરાવવો, ક્યા સમયે, કેવી રીતે, વગેરે બધું દર્શાવવામાં આવ્યું છે. સૂર્યના કિરણોની ચિકિત્સા દ્વારા સૂર્યનું બળ શરીરમાં દાખલ થાય છે, અને તેના પ્રભાવથી દુષ્ટરોગ તથા ચામડી અને શરીરના જે વિકારો હોય છે, તેનો નાશ થાય છે.

આ પ્રમાણે સૂર્યનુ વિમાન, ગરમી ઉત્પન્ન કરનાર અતિ મૂલ્યવાન રત્નોનું બનેલું હોઈ, આ રત્નોનો પ્રકાશ ફેલાતાં પૃથ્વી ઉપર રહેલા જીવોમાં ઉત્સાહ વધે છે. વનસ્પતિ ખીલી ઊઠે છે ધંધા રોજગાર ચાલુ થાય છે એટલું જ નહિં પણ તે રત્નોના કિરણો દ્વારા હવા શુદ્ધ થાય છે ગરમી મળે છે ગંદકી દૂર થાય છે. સવારે દશ વાગ્યાના સુમારે વરાવવાળા બાળકને સૂર્યનો તડકો શરીર પર પડે તેમ કરવાથી સૂર્યનો તડકો લોહીમાં ભળી રક્તકણ અને શ્વેત કણ વધારે છે. જેથી શરીરમા ચેતના પ્રગટે છે અગ્નિ વધી પાચનક્રિયા વધે છે. લોહીમા ઉષ્ણતા લાવે છે ને કફના દોષને તાડવામાં સહાયભૂત બને છે. બળ, બુદ્ધિ અને આયુષ્ય વધારે છે

આ સૂર્યનાં કિરણો અત્યંત ગરમ છે તેનો તા

દર્શન કથિત 'આતપ' અને 'ઉદ્યોત' શબ્દથી જ સમજી શકાય. અર્થાત્ 'આતપ' શબ્દ તે શીતસ્પર્શી પદાર્થના ઉષ્ણ પ્રકાશનો સૂચક છે, જ્યારે 'ઉદ્યોત' શબ્દ તે શીત સ્પર્શી પદાર્થના શીત પ્રકાશનો સૂચક છે.

વિશ્વમાં કેટલાક પદાર્થોમાંથી તો પ્રકાશનો પ્રવાહ એવી અગમ્ય રીતે વહે છે કે સામાન્ય માણસને તો તે પ્રકાશ જોઈને આશ્ચર્ય જ થાય. અરે! કેટલાક તો તેને ચમત્કાર સ્વરૂપે સમજે. કેટલાક તો તેને કુદરતની અગમ્ય લીલા કહીને જ પતાવી દે. પરંતુ આ બધી રીતના પ્રકાશોનું પ્રગટીકરણ કયા નિમિત્તને પામીને કેવી રીતે થાય છે, તેનું યથાર્થ સ્પષ્ટીકરણ તો કેવળ જૈન દર્શન જ કરી શક્યુ છે

આતમ સ્વરૂપ સૂર્યના પ્રકાશનુ સ્પષ્ટીકરણ વિચારાઈ ગયું. હવે આ લેખમાં ઉદ્યોત સ્વરૂપ પ્રકાશ તે વિશ્વના કયા કયા પદાર્થોમાં હોઈ શકે? તે તે પદાર્થોમાં તે પ્રકાશ શક્તિ કયાંથી આવી? તે સર્વ હકીકત સમજી શકાશે.

દુનિયામા ઘણા ખરા પ્રદેશોમાં પ્રકાશ તેમજ બળતણની શક્તિ મેળવવા માટે વિજ્ઞાને શોધી આપેલી વીજળીનો ઉપયોગ થતો હોય છે. આમ છતાં કેટલાક પછાત રહી જવા પામેલા પ્રદેશોમાં ઘી તેલના કોડિયા બાળીને કે ગેસ તથા કેરોસીનની બત્તી પેટાવીને માણસો પ્રકાશ મેળવે છે આ બધા પ્રકાશો તો ઉષ્ણતા દાયક હોય છે. દુનિયામાં

સમક્ષ ઉભો થયો, ચાલુ યુદ્ધના સમયમા બત્તી મેળવવી અને તેનો ઉપયોગ કરવો એ જોખમી કાર્ય હતું આવા મુશ્કેલ પ્રસંગે કાર્યને પાર ઉતારવા માટે દાક્તરે એક નવો જ ઉપાય શોધી કાઢ્યો, લશ્કરની છાવણીથી થોડે છેટેના વિસ્તારમા જઈ તેણે કેટલીક 'આગ માખીઓને' પકડી પાડી. આ માખીઓને કાચના વાસણમાં પુરવામાં આવી માખીઓનું આ વાસણ ત્યારબાદ દાક્તરે બત્તી તરીકે ઉપયોગમાં લીધું. આ બત્તીની સહાયતાથી જખ્મી બનેલા સૈનિકની વાઢ કાપ કરવામા આવી અને એના પરિણામે પેલા સૈનિકની જીંદગી બચી ગઈ.

ઉપર મુજબ જંતુઓની માફક કેટલાક ફળ-ફૂલાદિ વનસ્પતિઓમાં પણ એવી જ વિચિત્ર ચમક હોવાનું જાણી શકાયું છે. ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા, બોર્નિઓ તેમજ અન્ય પ્રદેશોના જંગલોમાં બદામને મળતું આવતું એક વિચિત્ર પ્રકારનું ફળ ઊગે છે આ ફળ પ્રકાશમય હોય છે એમાં જે તેજ ચમકતું હોય છે, તેની તુલના વીજળીના અમુક કેંડલ પાવરના ગોળા સાથે થઈ શકે. જંગલના અંધકાર વચ્ચે દૂર દૂર ઝાડ પર કોઇએ વીજળીક દીવાનાં તોરણ બાંધ્યા હોય એવું દૃશ્ય તેનાથી નજરે પડતું હોય છે. તેની નજીકમાં આવનાર માણસ માટે તે એક માર્ગદર્શક પ્રકાશનું કામ આપે છે એવા થોડાક ફળોને રાતના અંધકારમા એક જગાએ ભેગાં મૂકી કોઈ માણસ તેની નજીક ચોપડી લઈને વાચવા બેસે તો તેને દીવાની જરૂર ન રહે, એટલું તેજ

નાખતા હોય છે એના શરીરની બન્ને બાજુની કોર તેજસ્વી હોય છે. દૂરથી જોનારને એમ જ લાગે કે એની કાળી ચામડીની બન્ને બાજુએ નાના નાના વીજળીના બલ્બો સળગી રહ્યા છે.

કરચલાનું તેજ

માછલાની જેમ કેટલાક કરચલાઓ પણ એવા હોય છે. તેઓના નીચેના ભાગની બે ગ્રંથિઓ રાસાયણિક દ્રવ્યોથી ભરેલી હોય છે જ્યારે એને જરૂર જણાય ત્યારે તે એ પદાર્થને આજુબાજુના પાણીમા ઉડાડીને પાણી સાથે ભેળવી દે છે. તરત જ એ પ્રક્રિયાની એવી અસર પાણીમા ફેલાઈ જાય છે કે નજીકના ભાગમા સમુદ્રનુ પાણી લીલા પ્રકાશથી ચમકી ઊઠે છે જાણે કોઈએ વીજળીની સેર ફેંકી હોય એવી અસર પાણીમા ફેલાઈ જાય છે અને એ રીતે આ કરચલો પોતાના શરીરનો પ્રકાશ સમુદ્રમા ફેલાવે છે આ રીતે જંતુઓ-વનસ્પતિઓ અને માછલા આદિના શરીરમાં આ પ્રકાશ શક્તિ ક્યાંથી આવી ? તે તે જીવોના તે તે શરીરમા આ પ્રકાશ-શક્તિનો નિર્માતા કોણ ? વિશ્વના દરેક જીવોમા આવી પ્રકાશ-શક્તિ કેમ હોઈ શકતી નથી ? આ બધાની સાચી સમજ, આધુનિક વિજ્ઞાન મેળવી શક્યું નથી અને મેળવી શકનાર પણ નથી કોઈ કહેશે કે વિશ્વને આશ્ચર્યમુગ્ધ કરે એવા એવા તો અનેક આવિષ્કારો આધુનિક વિજ્ઞાને કર્યા. તો ઉપરોક્ત રીતે પ્રસરતા પ્રકાશ અંગેની હકીકતની ખોજ વિજ્ઞાન કેમ નહિં કરી શકે? પ્રત્યુત્તરમા એ જ કહેવાનું છે કે

આધુનિક વૈજ્ઞાનિકોની દૃષ્ટિ જડ-પુદ્ગલ પદાર્થના આવિષ્કાર પૂરતી જ છે. ચેતન પદાર્થના સ્વરૂપ પ્રત્યે હજુ તેમણે લેશ માત્ર પણ પ્રયત્ન કર્યો નથી. ચેતનાવંત જીવ એ એક મૌલિક દ્રવ્ય છે, તે સમજ હજુ આધુનિક વૈજ્ઞાનિકોમા આવી નથી. એટલે જ્યા ચૈતન્યવત જીવના સત્ય સ્વરૂપની, તેની વિવિધ અવસ્થાની, તથા જીવ સાથે અનાદિકાળથી સબધિત બની રહેલ કર્મઅવસ્થાને પ્રાપ્ત પુદ્ગલ દ્રવ્યની સમજણ જ નથી, ત્યાં દેહધારી જીવના શરીરમાથી પ્રસરતા ઉપરોક્ત પ્રકાશની સમજણ હોય જ ક્યાથી?

અરે! આત્મા—પુણ્ય-પાપ—પુનર્ભવ—મોક્ષ આદિમા વિશ્વાસ ધરાવનાર કેટલાક આસ્તિક દર્શનકારો પણ ઉપરોક્ત પ્રકાશ અગેની હકીકતને હજુ સમજી શક્યા નથી તો પછી ભૌતિકવાદી વૈજ્ઞાનિકોથી તે વાત સમજી નહિ શકાય તેમા શું આશ્ચર્ય! ઉપરોક્ત જીવોના ઉપરોક્ત રીતે પ્રસરતા પ્રકાશને કેટલાક આસ્તિકો પણ કુદરતની અકળ લીલા યા ચમત્કાર સ્વરૂપે જ સમજે છે, જ્યારે આ હકીકત અગેની અતિ સ્પષ્ટ અને સત્ય સમજ તો જૈન દર્શન જ વિશ્વને આપી શક્યું છે. જૈન દર્શન કહે છે કે જીવોનુ શરીર તે જડપદાર્થની જ એક અવસ્થા છે જેમ જડપદાર્થનો બાહ્ય શરીર સ્વરૂપે જીવની સાથે સયોગ વર્તે છે, તેમ અભ્યતર શરીર સ્વરૂપે પણ તેનો આત્મા સાથે સંબંધ છે એવાં અભ્યંતર શરીરો બે પ્રકારના છે. તે અતિ સૂક્ષ્મ સ્વરૂપી હોઈ દૃષ્ટિગોચર થઈ શકતા નથી એક ભવથી છૂટી અન્ય ભવમા

જવા સમયે બાહ્ય શરીરનો સંબંધ આત્માથી છૂટી જાય છે. પરંતુ અભ્યંતર શરીર તો તે આત્માની સાથે જ જાય છે. જેથી પુન. નવું બાહ્ય શરીર તે આત્મા ધારણ કરે છે બે અભ્યંતર શરીરો પૈકીનું એક અભ્યંતર શરીર 'કાર્મણ' શરીર નામે હોય છે બાહ્ય શરીરનું નિર્માણ તે કાર્મણ શરીરના આધારે જ થાય છે કાર્મણ શરીરનો સંબંધ સર્વથા છૂટી ગયા બાદ આત્મા બાહ્ય શરીરધારી બની શકતો નથી. કાર્મણ શરીર તે વિવિધ સ્વભાવી જડપુદ્ગલના સંગ્રહ સ્વરૂપે હોય છે. બાહ્ય શરીરની વિવિધ રચનામા અને તેની વિવિધ શક્તિના નિર્માણમા કાર્મણ શરીરનાં વિવિધ સ્વભાવી વિવિધ અંગો જ કામ કરે છે

કાર્મણ શરીર એક અવયવી છે અને તેના વિવિધ અંગો તે અવયવ સ્વરૂપે છે તે વિવિધ અંગોને જૈન દર્શનમા કર્મપ્રકૃત્તિ તરીકે ઓળખાવ્યાં છે. આત્માની બાહ્ય અને આંતરિક અવસ્થાની ભિન્નતામા કાર્મણ શરીરના અંગ સ્વરૂપ આ કર્મ પ્રકૃતિઓ જ કારણભૂત છે.

જૈન દર્શનના તત્ત્વજ્ઞાનથી અજ્ઞાત માણસોને આ વિષય ઘણો સમજી શકવામા કઠિનતા છે. જૈન દર્શન કથિત પદાર્થ-વિજ્ઞાનના ગાઢ અભ્યાસીઓને અને તેના સૂક્ષ્મ બુદ્ધિથી સમજનારને જ આ વિષય હૃદયગમ્ય બની શકે છે વિશ્વની વિવિધ વિચિત્રતાનું કારણ ઉપરોક્ત અભ્યાસી જ સફળતા પૂર્વક સમજી શકે છે આ એક મહાન વિજ્ઞાન છે. આ વિજ્ઞાનના આવિષ્કારકો સર્વજ્ઞ પરમાત્મા છે આત્માની

અનંત જ્ઞાનાદિ શક્તિને આચ્છાદિત બનાવી રાખનાર જડ-પુદ્ગલના અનાદિકાલિન સંબંધને ખંખેરી નાંખી આત્માના કેવલજ્ઞાન દીપકને પ્રગટ કરનાર આત્માઓ જ સર્વજ્ઞ કહેવાય છે આવા સર્વજ્ઞ પરમાત્માઓ ભૂતકાળમાં અનંત થઈ ગયા છે, અને ભવિષ્યકાળમાં અનંત થશે તેમની સર્વજ્ઞતા તેમના પૂર્વાપર જીવનના ઈતિહાસથી જ સિદ્ધ થાય છે. વિશ્વના કોઈ પણ મનુષ્યને સર્વજ્ઞ તરીકે સ્વીકારી લેવા પહેલા પ્રથમ તેમની કસોટી થયા બાદ જ તેમને સર્વજ્ઞ તરીકે માન્ય રખાય છે. તેમની સર્વજ્ઞતા સત્ય પૂરવાર થયા બાદ તેમના વચનો શ્રદ્ધામય-વિશ્વાસમય જ બને છે. આ સર્વજ્ઞોને જ જૈનદર્શનમાં પરમાત્મા-ઈશ્વર માન્યા છે તે સિવાય કોઈ પણ ઈશ્વર આ વિશ્વમા હોઇ શકતો જ નથી. એટલે જ જૈનદર્શનમાં ઈશ્વરની માન્યતા, સ્તુતિ-પૂજન-ભક્તિ વગેરે જગતકર્તૃત્વને અનુલક્ષીને નહિ સ્વીકારતા વિશ્વની વિચિત્રતાના અને આત્માની અનંતશક્તિના સત્ય સ્વરૂપે દર્શકને જ અનુલક્ષીને છે જૈનદર્શનના પ્રણેતા સર્વજ્ઞો જ હોઈ શકે છે તેમની સર્વજ્ઞતામા જરા પણ ખામી નહિં હોવાથી તેમના વચનો અર્થાત્ તેઓ વડે આવિષ્કારિત તત્વ-જ્ઞાન અર્થાત્ પદાર્થજ્ઞાન સંપૂર્ણ અને શાશ્વત સત્ય છે

ગણધર ભગવાનો (તીર્થંકર દેવોના મુખ્ય શિષ્યો) વડે સંગ્રહિત સર્વજ્ઞ પરમાત્માની વાણી પ્રવાહને આગમ (શાસ્ત્રો) દ્વારા જ સત્ય સ્વરૂપે સમજી શકાતો હોવાથી ઉપરોક્ત કાર્મણ શરીર અંગેની અતિ સ્પષ્ટ હકીકત પણ

—

સર્વજ્ઞોક્ત જૈન સિદ્ધાંતોથી જ સમજવી જોઈએ કાર્મણ શરીરનાં વિવિધ અંગો તે વિવિધ સંજ્ઞાયુક્ત છે. બાહ્ય શરીરની રચનામાં અને આત્માને વિવિધ અવસ્થાવંત બની રહેવામાં જે જે પ્રકારની યોગ્યતાવાળાં તે અંગો હોય તે તે પ્રકારની યોગ્યતાને અનુરૂપ સંજ્ઞાથી તે અંગો ઓળખાય છે. કાર્મણ શરીરનું એક અંગ એવું છે કે જેના ઉદયથી (સ્વભાવાનુસાર જીવને ફળદાતા બનવાની યોગ્યતાના કાળે) બાહ્ય શરીરમા પ્રથમ જણાવેલ પ્રકાશનું નિર્માણ થાય છે આ અંગ તે 'ઉદ્યોત' નામકર્મની સંજ્ઞાથી ઓળખાય છે આ ઉદ્યોત નામકર્મના ઉદયવાળા જીવોનું શરીર, શીત પ્રકાશ સ્વરૂપે ચમકે છે માટે જ તેવી રીતે ચમકતા પ્રકાશને જૈન દર્શનમા ઉદ્યોત સ્વરૂપે ઓળખાવ્યો છે આતપ સ્વરૂપે ચમકતું શરીર ક્યા ક્યા દેહધારી જીવોનુ હોઈ શકે છે તે માત્ર નીચેના એક શ્લોકથી જ સમજી શકાય છે.

> अणुसिण पयासरूवं जिअग मुज्जोअए इहुज्जोआ।
> जइ देवुत्तर विक्किअ, जोइस खज्जोअ माइव्व॥

મુનિઓનુ વૈક્રિય શરીર, દેવોના ઉત્તર વૈક્રિય શરીર, આગીઆ (પતંગીઆ), રત્ને કેટલીક ચમકતી વનસ્પતિ વગેરેની પેઠે જે જીવોનું શરીર શીત પ્રકાશમય સ્વરૂપે છે તે ઉદ્યોત છે તે ઉદ્યોતને ઉત્પન્ન કરનારું કર્મ તે ઉદ્યોત નામ કર્મ છે અહિં ઉદ્યોત અને ઉદ્યોત નામકર્મ એ બન્ને અલગ છે કારણ કે ઉદ્યોત એ કાર્ય છે, અને ઉદ્યોત નામકર્મ એ કારણ છે ચંદ્રમાથી જે ઠંડો પ્રકાશ ફેલાય છે તે પણ

ઉદ્યોત જ છે અને તે ઉત્પન્ન કરનાર ઉદ્યોત નામકર્મ છે આ રીતે વિવિધ વનસ્પતિઓ અને વિવિધ જંતુઓના શરીરમાંથી આપણને આશ્ચર્યજનક કે ચમત્કારરૂપ જે પ્રકાશ જ્યા જ્યા દૃષ્ટિગોચર થાય ત્યાં ત્યા તે પ્રકાશ, ઉદ્યોત સ્વરૂપ સમજવો. અને તેને ઉત્પન્ન થવામાં તે તે જીવોનુ ઉદ્યોત નામકર્મ કારણ રૂપ સમજવું આ પ્રકાશ પ્રસરાતો હોવાથી અને ઠંડકદાતા હોવાથી પુદ્ગલ સ્વરૂપ છે. તત્ત્વાર્થ સૂત્રના ટીકાકારે કહ્યું છે કે અગ્નિ અને દીવાનો પ્રકાશ ફેલાય છે તે પણ અગ્નિકાય જીવોના ઉદ્યોત નામકર્મના ઉદયને લીધે છે. અગ્નિમાં ઉષ્ણ સ્પર્શ અને લાલવર્ણ હોવાથી તે પણ પુદ્ગલ સ્વરૂપ છે સૂર્ય–ચંદ્રાદિના પ્રકાશનો ઉપપ્રકાશ અર્થાત્ સૂર્ય વગેરેના કિરણોમાંથી તેની આજુ બાજુ કિરણો રહિત જગ્યાએ જે અજવાળુ ફેલાય છે તે ઉપપ્રકાશને 'પ્રભા' કહેવાય છે.

સૂર્યનાં કિરણો ખુલ્લી જગ્યામા પડે છે, તો પણ બંધ મકાનમાં દિવસ રાત્રિનો ખ્યાલ આપવા પુરતું પણ ત્યા અજવાળુ હોય જ છે. આ અજવાળુ તે ખુલ્લી જગ્યામા પડતા કિરણોના ઉપપ્રકાશ રૂપ 'પ્રભા' છે જો પ્રભા ન હોય તો જે જગ્યાએ કિરણો પ્રસરે ત્યાં અજવાળુ હોય અને આજુબાજુની જગ્યાએ અંધારું હોય પરંતુ તેમ બનતું નથી. પુદ્ગલ સ્કંધમાંથી પ્રગટ થતી આ 'પ્રભા' પણ પુદ્ગલ સ્કંધોનો જ સમૂહ છે.

'ઇરાદો નથી પરંતુ પ્રયોગસિદ્ધથી અન્ય અસત્ય છે એમ માની બેસવું એ પણ બરાબર નથી પ્રયોગ શાળાઓની મર્યાદાઓ બહાર પણ સત્ય હોઈ શકે છે.

સન ૧૯૫૬ માં લંડનથી પ્રકાશિત 'પરમાણુ અને વિશ્વ' નામક પુસ્તકમા તેના લેખકે જણાવ્યુ છે કે—

'ઘણા ટાઇમ સુધી ત્રણ જ તત્ત્વ (એલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટ્રોન) વિશ્વમા સંઘટનના મૂળભૂત આધાર તરીકે માનવામા આવતા હતાં. પરંતુ વર્તમાનમા તથા પ્રકારના તત્ત્વોનું અસ્તિત્વ હજુ પણ સંભવિત થઈ ગયું છે તેથી સ્હેજે પ્રશ્ન ઊઠે છે કે મૌલિક તત્ત્વોનો સાચો અર્થ અમે શું કરીએ ? પહેલા તો અગ્નિ, પૃથ્વી, હવા અને પાણી આ ચાર પદાર્થોને જ મૌલિક તત્ત્વની સંજ્ઞા અપાઈ હતી પરંતુ ત્યારબાદ તો સમજમા એ આવ્યું કે પ્રત્યેક રસાયનિક પદાર્થના મૂળભૂત અણુ જ પરમાણુ છે. ત્યાર બાદ પ્રોટોન, ન્યુટ્રોન અને એલેક્ટ્રોન એ ત્રણ મૂળભૂત અણુ મનાયાં હાલે તો મૂલભૂત અણુઓની સંખ્યા વધી ગઈ છે અને ફેર પણ વધી શકે તેમ છે. મૂળભૂત અણુઓની સંખ્યા વૃદ્ધિ, પદાર્થમૂળ સંબંધી અમારા અજ્ઞાનની જ સૂચક છે સાચી વાત તો એ છે કે મૌલિક અણુ શું છે એ જ હજી સુધી સમજમાં આવી શક્યું નથી.

આ ઉપરથી સમજવું જરૂરી છે કે વિજ્ઞાને પ્રત્યક્ષ સિદ્ધ કરેલ આવિષ્કારોને આપણે ખોટા કહેવા નથી. પરંતુ વિજ્ઞાન વડે શોધાયું હોય તેના કરતા પણ અનંતગણ'

અણુશોધ્યું સદાના માટે વિજ્ઞાનમા રહી જાય છે એ વાત તો માન્ય કરવી જ પડશે. ભિન્નભિન્ન સાયન્સવેત્તાઓને, મનોવિજ્ઞાનના ધુરંધર વિદ્વાનોને, મોટા ચિકિત્સકોને અન્ય કોઈ પણ પ્રકારના વિજ્ઞાન શાસ્ત્રના વેત્તાઓને પૂછીએ તો કહે છે કે અમારા પૂર્વજ વિજ્ઞાનિકોએ હજારો વર્ષ મહેનત કરી અમારા વિષય અંગે બહુ જ્ઞાન પ્રાપ્ત કર્યું પરંતુ જેટલુ અમને એ વિષયમા માલુમ પડ્યુ છે, તેની અપેક્ષાએ કેઈ ગણુ અધિક અમને માલુમ નથી. તો પછી કેવી રીતે કહી શકાય કે વૈજ્ઞાનિકનુ જ્ઞાન પૂર્ણ છે? જેઓ પોતાનુ સમસ્ત આયુષ્ય જ્ઞાનવૃદ્ધિને માટે જ અર્પણ કરી ચૂકયા છે, એવા જ મનુષ્યોના ઉદાહરણ આપણે અહિ વિચાર્યા છે માટે એટલું તો ચોક્કસ સાબિત થાય છે કે વર્તમાન વૈજ્ઞાનિકોએ માની લીધેલ મૂળ તત્ત્વના પણ ઉપાદાન કારણ સ્વરૂપ, પુદ્‌ગલ ઘટનાનું અસ્તિત્વ વિશ્વમા અવશ્ય છે, અને અદ્યાપિ પર્યંત વૈજ્ઞાનિકો તેથી અજ્ઞાત છે. વિજ્ઞાનનો વિષય ઇન્દ્રિયોની સહાયતાથી મનુષ્ય જેટલો પ્રાપ્ત કરી શકે તેટલા પૂરતો જ છે એટલે વિજ્ઞાન પ્રત્યક્ષ અનુભવવાદી છે અર્થાત્ દૃશ્ય જગત સુધી જ સીમિત છે.

વિશ્વના અદૃશ્ય અને ગુઢ સિદ્ધાન્તો વિજ્ઞાનની દૃષ્ટિમાં આવી શક્તા નથી તેથી કરીને તેવા સિદ્ધાન્તની જાણકારીના અભાવે વિજ્ઞાનનું જ્ઞાન પારમાર્થિક દૃષ્ટિથી પૂર્ણ કહી શકાતુ નથી. માટે વર્તમાન વજ્ઞાનિક સિવાય અન્ય કોઈરૂપે આવિષ્કારિત પદાર્થ વિજ્ઞાન પ્રત્યે ઉપેક્ષા રાખી તેને નહિં જાણવા–સમ-

અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ ઈત્યાદિ વર્તમાન વૈજ્ઞાનિકોની સમજમા પદાર્થ સ્વરૂપે નહિં હોતાં શક્તિ તરીકે હતા, તેને આ પુસ્તકના પૂર્વપ્રકરણોમાં વિવિધ વિચારણા દ્વારા પદાર્થ સ્વરૂપે જ સિદ્ધ કરી આપ્યા છે. વળી કેટલાક પ્રસિદ્ધ વૈજ્ઞાનિકોએ પણ તેને પદાર્થ સ્વરૂપ હોવાનું સાબીત કરવાથી જૈનદર્શન કથિત તે હકિકત સત્ય પૂરવાર થઈ ચૂકી છે.

ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થ તે પરમાણુ સ્વરૂપે તો હોઈ શકે જ નહિ. વર્તમાન વૈજ્ઞાનિકો પદાર્થના જે સૂક્ષ્મ વિભાગને પરમાણુ કહેતા આવ્યા છે, તે પરમાણુ પણ નિર્વિભાજ્ય સ્વરૂપે નહિ હોતાં અનેક પરમાણુઓના જથ્થાઓ રૂપે સંમિશ્રિત હોય છે. જે જથ્થાઓનું જ્યા સુધી તેઓ વિભાજન કરી ન શકે ત્યાં સુધી તેમની દૃષ્ટિમાં તે પરમાણુ તરીકે ઓળખાય છે અને પ્રયોગોમાં આગળ વધતાં વધતાં જ્યારે તેઓ તેનું વિભાજન કરવામાં સફળ થાય છે, ત્યારે તેઓ વિભાજન કરવામા સફળ થયા પહેલાં જેને અવિભાજ્ય કહેતા હતા તેને સવિભાજ્ય કહેવા લાગે છે. વર્તમાન વિજ્ઞાનના આદ્ય પરમાણુ આવિષ્કારકે તો અવિભાજ્ય ભાગને જ પરમાણુ કહ્યા છે તેમ છતાં સવિભાજ્ય ભાગને પણ પરમાણુ સંજ્ઞા તરીકે હાલ વિજ્ઞાનમાં ઓળખાય છે. આ રીતે તેમની વિભાજન કરવાની કાર્યવાહી ચાલુ રહે છે, અને જ્યાં સુધી આગળ વિભાજન કરવામાં સફળ ન થાય ત્યાં સુધી તે ભાગને તેઓ અવિભાજ્ય કહે છે. એટલે એક વાત સમજવી જરૂરી છે કે વૈજ્ઞાનિકો જેને પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ યા નિર્વિભાજ્ય

અણુ કહે છે, તેનો અર્થ એ સમજવો કે ત્યાં સુધી જ તેઓ વિભાજન કરવામા સફલ થયા છે માટે જ તેને નિર્વિભાજ્ય અણુ કહે છે. તેઓની દૃષ્ટિમાં આજે કહેવાતા અણુઓનું વિભાજન થઈ નહિ શકે જ એમ તો તેઓ પણ કહી શકતા નથી.

સર 'જેમ્સજીન્સ' નામે એક વૈજ્ઞાનિક લખે છે કે–'સાપેક્ષવાદ અને પરમાણુ વિભાજન જ વીસમી સદીના મહાન આવિષ્કાર નથી. પરંતુ 'વસ્તુઓ આપણને જેવી દેખાય છે તેવી નથી.' એ જ આ સદીનો મહાન આવિષ્કાર છે. સાથે સાથે સર્વમાન્ય વાત તો એ છે કે આપણે હજુ સુધી પરમ વાસ્તવિકતાની પાસે પહોંચી શક્યા નથી.

આ ઉપરથી સમજાય છે કે વસ્તુની નિર્વિભાજ્ય રૂપ અવસ્થાને અનુભવવામાં વર્તમાન વિજ્ઞાન હજુ સફળ થયું નથી.

ભગવાન મહાવીરદેવે તો પરમાણુને અવિભાજ્ય, અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય સ્વરૂપી વર્ણવવા ઉપરાંત પણ કહ્યુ છે કે પરમાણુ એ ઈન્દ્રિયગ્રાહી અને પ્રયોગોનો વિષય છે જ નહિ અર્થાત્ જે અણુઓ ઉપર પ્રયોગ થઈ શકે તેને પરમાણુ કહી શકાય જ નહિં

પદાર્થનો આજની દૃષ્ટિએ સૂક્ષ્મમા સૂક્ષ્મ ભાગ કે જેને વૈજ્ઞાનિકો પરમાણુ તરીકે ઓળખાવે છે, તેનાથી પણ અતિ સૂક્ષ્મ સ્વરૂપે અનંત પરમાણુઓની એકત્રિત અવસ્થા–(એકમેક અવસ્થા) મય પુદ્ગલ જથ્થાઓનું અસ્તિત્વ, આ વિશ્વમાં સદાના માટે હોય જ છે.

ષ્કારો અને તેનો ઉપયોગ શુભ છેડાવાળા નથી. જીવનમા ઉપયોગીતાની દૃષ્ટિએ ચેતનના જ્ઞાનરહિત કેવળ જડના જ આવિષ્કારો, અને ચેતનના જ્ઞાનપૂર્વકના જડના આવિષ્કારો એ બન્નેનું સ્વતંત્ર મહત્વ છે. બન્નેય સત્યની મંઝિલ પર પહોંચવા ઈચ્છે છે, પરંતુ ચેતનના ખ્યાલપૂર્વકના જડ પુદ્ગલના આવિષ્કારોનો વિકાસ મુખ્યત્વે આત્મવાદના રૂપમાં છે. તેનાથી મનુષ્યને ક્ષમા, સંતોષ, અહિંસા, સત્ય આદિની પ્રાપ્તિ થઇ છે. જ્યારે ચેતનને ભૂલી જઈ જડના જ આવિષ્કારોનો વિકાસ આધિભૌતિક જ રહ્યો છે. કેવળ ભૌતિક સામગ્રીથી જ મનુષ્ય ભલે આનંદથી જીવી શકે, પરંતુ ચેતનને ભૂલી જવાથી માત્ર ભૌતિક સાધનોના ઢગલાઓથી વાસ્તવિક શાંતિનો અનુભવ કે ભૌતિક આવિષ્કારોની પૂર્ણ સત્યતા કદાપિ પ્રાપ્ત થવાની નથી.

ચેતનના આવિષ્કારની સમજ રહિત કેવળ જડના જ આવિષ્કારની દૃષ્ટિ તે બાહ્ય દૃષ્ટિ છે અને ચેતનના આવિષ્કાર પૂર્વકની જડના આવિષ્કારની દૃષ્ટિ તે આંતર દૃષ્ટિ છે. આતર દૃષ્ટિને અપ્રાપ્ત મનુષ્ય, પૃથ્વી ઉપર રહીને ત્રિલોકને જીતવાના પ્રયાસો કરતો આવ્યો છે, અને કેટલીક વાર કંઇક અંશે તેને સફળતા પણ મળે છે. પરંતુ જગતનો ઇતિહાસ કહે છે કે એ સફળતાની પ્રમાણુનું જ્ઞાન માનવીને હંમેશાં પાછળથી થયું છે

આંતરદૃષ્ટિને પ્રાપ્ત કરવાની પ્રેરણા કરતુ પદાર્થ-વિજ્ઞાન જ આત્માને શાંતિની નજીક લઈ જાય છે. જેને

સામાન્ય ચક્ષુ દેખી ન શકે તેને આંતરદૃષ્ટિવાળું પદાર્થ વિજ્ઞાન જોવાને ઈચ્છે છે. જેને સાધારણ ઇન્દ્રિયો પામી ન શકે એવી વસ્તુઓનો તે અનુભવ કરવા ચાહે છે. ભૌતિક યા બાહ્ય દૃષ્ટિ વિચારધારાવાળી વ્યક્તિ, આવી આતરદૃષ્ટિથી બહુ જ દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે, તો પણ આતરદૃષ્ટિ વિચારધારાનું સ્તર બહુ જ ઊંચું રહ્યુ છે, અને રહેશે.

આંતરદૃષ્ટિને પ્રાપ્ત મનુષ્ય જ સમજી શકે છે કે જડ પદાર્થો કરતાં ચેતન અચિંત્ય શક્તિધારક છે. ચેતનને પોતાની અચિંત્ય શક્તિઓની પ્રગટતાથી પ્રાપ્ત થતા સુખની આગળ, ભૌતિક સામગ્રીની અનુકુળતાથી પ્રાપ્ત સુખ તુચ્છ છે, ત્યાજ્ય છે, પરાધીન છે, નશ્વર છે.

ચેતન જ્ઞાતા છે, જ્યારે જડ જ્ઞેય છે, જ્ઞાતા પોતાની જ્ઞાનશક્તિની પ્રગટતા અનુસાર તે જ્ઞેય પદાર્થોને જાણી શકે છે. જ્ઞાતાની ચેતનશક્તિ જ્યા સુધી ન્યૂનાધિક પ્રમાણમા પણ આચ્છાદિત–સુપુપ્ત છે, અપ્રગટ છે, ત્યા સુધી જ્ઞેયપદાર્થોનું જ્ઞાન કરવામા તેને ચક્ષુ આદિ ઇન્દ્રિયો રૂપ સાધનની આવશ્યક્તા રહે છે પદાર્થોનું જ્ઞાન કરવામા વર્તતી આ પરાધીનતા એ જ મહા દુ ખ છે પરંતુ ચેતનનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મા જ્યારે સત્પુરૂપાર્થથી પોતાની ચેતનશક્તિની પૂર્ણતાને સ પૂર્ણ નિરાવરણ અર્થાત્ પ્રગટ કરે છે, ત્યારે વિશ્વના કોઈ પણ પ્રકારના સ્થૂલ કે સૂક્ષ્મ પદાર્થોને જાણવા તેને ઇંદ્રિયો રૂપ સાધનોની કે કોઈ યાંત્રિક સાધનોની આવશ્યક્તા રહેતી નથી. તેને સમસ્ત વિશ્વમા વ્યાપી રહેલ

આવિષ્કારો આવિષ્કારિત કર્યા પહેલાં તેના આવિષ્કારકે પ્રથમ પોતાની અનંત આત્મશક્તિ પ્રગટ કરવાનો જ પુરૂષાર્થ આદર્યો હતો. અને તે પુરૂષાર્થ દ્વારા આત્માની અનંત ચેતન શક્તિ (જ્ઞાનશક્તિ) ની પૂર્ણતા પ્રાપ્ત કરવાથી જ અન્ય જડ પદાર્થોનું વિજ્ઞાન પણ તેમને સ્વયં સાંગોપાંગ આત્મ પ્રત્યક્ષ દેખાયું. એટલે ચેતન અને જડ પદાર્થોનું અને તેની ત્રિકાલિક વિવિધ અવસ્થાઓના આવિષ્કારોમાં તે પરમાત્મા ઓને પછી અન્ય કોઈ પ્રયોગ કરવો પડયો ન હતો. પદાર્થવિષયી સંપૂર્ણ વિજ્ઞાન જેવું સર્વજ્ઞ-વીતરાગ શ્રી તીર્થંકર પરમાત્માને જણાયુ-દેખાયું તેવું અન્ય કોઈ વૈજ્ઞાનિકોથી આત્મ પ્રત્યક્ષ દીપકને પ્રાપ્ત કર્યા સિવાય જોઈ શકાય કે દેખી શકાય તેમ નથી. માટે સર્વજ્ઞ વચનાનુસારે માનવું પડશે કે દૃશ્ય જગતના પદાર્થો, શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, અને આતપ ઉપરાત પણ પુદ્ગલ પદાર્થોના સૂક્ષ્મ વિવિધ જથ્થાઓ આ વિશ્વમાં અવશ્ય વર્તે છે. તે જથ્થાઓ કેવા છે? ક્યાં ક્યાં રહેલ છે? કેવા કેવા સ્વરૂપી અને કેવા કેવા સ્વભાવી છે? તેમાં કેવા જથ્થાઓ વિશ્વના જીવોને ઉપયોગી છે અને કેવા જથ્થાઓ બીનઉપયોગી છે? ઉપયોગી જથ્થાઓથી જીવની વિવિધ અવસ્થાઓ કેવી રીતે સર્જાય છે? તે સર્જાતી અવસ્થા સુખદાયક છે કે દુખદાયક છે? તે જથ્થાઓ દ્વારા દૃશ્ય જગતનું અને જીવની બાહ્ય-આંતરિક વિવિધ અવસ્થાઓનું સર્જન દરેક જીવના સ્વ પ્રયત્નજન્ય છે કે અન્ય પ્રયત્નજન્ય છે? આ બધી સૂક્ષ્મ અને ગમ્ભીર હકીકતોને હવે વિચારીએ.

ઇન્દ્રિયગ્રાહ્ય બની શકવાવાળા અગર ઈલેક્ટ્રોનિક માઈક્રોસ્કોપ યંત્ર દ્વારા અનુમાન સિદ્ધ થઈ શકવાવાળા પુદ્ગલપદાર્થો ઉપરાંત કેટલાક પુદ્ગલ પદાર્થોનું અસ્તિત્વ એવું પણ વિશ્વમા વર્તે છે કે જે પદાર્થોના અસ્તિત્વનું જ્ઞાન, આત્માની અનત શક્તિ પ્રાપ્ત શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને જ હોઈ શકે છે જેથી વિશ્વના અન્ય પ્રાણીઓને તેવા પદાર્થોનો ખ્યાલ જિનાગમ દ્વારા જ આવી શકે છે.

ઇન્દ્રિયગ્રાહ્ય બની શકતા કે ઈલેક્ટ્રોનીક માઈક્રોસ્કોપ યત્ર દ્વારા અનુમાન સિદ્ધ થઈ શકતા પદાર્થોનું ઉપાદાન કારણ શુ છે? તેનું સશોધન વિશ્વના કોઈ પણ યાંત્રિક પ્રયોગો દ્વારા અગર પ્રાણાયમ આદિ કોઈ યોગ દ્વારા કોઈને પ્રાપ્ત થઈ શકવાનું હજુ સુધી સાંભળવામા આવ્યું નથી. સર્વજ્ઞ ભગવતોના વચનાનુસારે તો તેની પ્રત્યક્ષ સિદ્ધિ અનુભવવા માટે આત્માની અનંત શક્તિ પ્રગટ કરવાનો જ પુરૂષાર્થ આદરવો જોઈએ. આવા પુરૂપાર્થમાં કાળ–સંઘયણ બળ આદિની પ્રતિકુળતાએ જ્યા સુધી આત્મા પોતાના અનંત ચતુષ્કગુણોની પૂર્ણ પ્રગટતા પ્રાપ્ત ન કરી શકે ત્યા સુધી તે પદાર્થોની જ્ઞાન પ્રાપ્તિમાં, સર્વજ્ઞ–વીતરાગ એવા તીર્થંકર પરમાત્માના વચન સંગ્રહરૂપ જિનાગમને જ પ્રમાણ માની સ્વીકારવું જોઈએ કેમ્કે સપૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત આત્માઓ જ સ્વજ્ઞાનબળે જોઈ શકે તેવા સૂક્ષ્મ પુદ્ગલોનું અસ્તિત્વ પણ સમગ્ર લોકાકાશ (બ્રહ્માંડ)મા છે તેમાં પણ એકમેક સંબંધીત બની રહેલ સ્કંધ

રૂપે વર્તતા પુદ્ગલોમાં અણુસમૂહની ન્યૂનાધિકતાના હિસાબે વિવિધ જાતો છે. તે વિવિધ જાતોને વિવિધ વર્ગણા કહેવાય છે તેમાંથી જીવ દ્વારા યોગને અનુસરીને જે પુદ્ગલ વર્ગ-ણાઓ ગ્રહણ કરી ઉપયોગી બનાવી શકાય છે તે પુદ્ગલ વર્ગ-ણાઓને 'ગ્રહણ યોગ્ય' વર્ગણાઓ કહેવાય છે. વિશ્વ રચનામા ઉપયોગી બની શકતી ઘટનાનું ઉપાદાન કારણ, આ 'ગ્રહણ યોગ્ય' વર્ગણાઓ જ છે. ગ્રહણ યોગ્ય વર્ગણાઓ નીચે મુજબ આઠ છે.

(૧) ઔદારિક શરીર યોગ્ય (૨) વૈક્રિય શરીર યોગ્ય (૩) આહારક શરીર યોગ્ય (૪) તૈજસ શરીર યોગ્ય (૫) ભાષા યોગ્ય (૬) શ્વાસોચ્છ્વાસ યોગ્ય (૭) મન પ્રાયોગ્ય (૮) કર્મ યોગ્ય.

આમાં ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનોયોગ્ય વર્ગણા-ઓમાંથી પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરી તે તે રૂપે પરિણમાવીને પરિણામ પામેલ તે પુદ્ગલોના અવલંબનથી જ ઉત્પન્ન થયેલ વીર્ય (બળ–શક્તિ) દ્વારા તે પુદ્ગલોને જીવ છોડી દે છે. જેમ બિલાડો ઊંચે કુદવા માટે પહેલાં પોતાના શરીરનું સંકોચન દ્વારા અવલંબન લે છે, ત્યાર પછી સંકોચના દ્વારા પ્રાપ્ત થયેલ બળ વડે જ ઉંચે કૂદી શકે છે. અન્યથા કૂદી શકતો નથી તેવી રીતે ભાષાદિ વર્ગણાઓને છોડી મૂકવા માટે તેજ પુદ્ગલોનું અવલંબન જીવદ્વારા લેવાય છે.

શેષ ઔદારિકાદિ શરીર યોગ્ય પાંચ વર્ગણાઓમાંથી ગ્રહણ કરાતા પુદ્ગલ સ્કંધોને તો ગ્રહણ કરનાર જીવ પોતાના

ઔદારિકાદિ શરીર રૂપે પરિણમાવે છે પણ છોડી મૂકતો નથી તેને તો બંધ નામકર્મ (શરીર રચનામાં ઉપયોગી ગ્રહિત પુદ્ગલોને આત્મા સાથે જોડી દેવાના સ્વભાવવાળું જીવ સાથે ક્ષીર નીરવત્ સંબંધિત બની રહેલ કર્મ સ્વરૂપી પુદ્ગલ સ્કંધો પૈકીનો એક કર્મપુદ્ગલ સ્કંધ) વડે પોતાની સાથે આત્મા જોડી દે છે. ભાષા, ઉચ્છ્વાસ અને મનોવર્ગણાના પુદ્ગલ સ્કંધોને તો આત્મા સાથે સંબંધિત થવામાં હેતુભૂત તેઓનું બંધન નામ કર્મ નહિ હોવાથી તેઓને તો પૂર્વના સમયે ગ્રહણ કરે અને પછીના સમયે છોડી મૂકે એ પ્રમાણે થયા કરે છે.

આ આઠ જાતની વર્ગણા સિવાય અન્ય કોઈ વર્ગણાના પુદ્ગલસ્કંધોને જીવ ગ્રહણ કરતો જ નથી કારણ કે તે વર્ગણાઓ વિશ્વરચનામા ઉપયોગી બની શકવાની યોગ્યતા-વાળી નથી. જેથી તેવી વર્ગણાઓને 'અગ્રહણ' વર્ગણાઓથી જૈન દર્શનમા ઓળખાવી છે

ગ્રહણ યોગ્ય આઠ પૌદ્ગલિક વર્ગણામાથી ઉપરોક્ત રીતે શરીર. ઉચ્છ્વાસ. વાણી અને વિચાર સ્વરૂપે થતું પુદ્ગલ પરિણમન તે જીવ પ્રયત્નથી જ થાય છે પ્રત્યેક જીવની પોતપોતાના અંગે થતી શરીર રચનાદિ ક્રિયા તે પોતપોતાના જ પ્રયત્ને થાય છે.

કોઈ એક જીવના પ્રયત્ને અન્ય જીવની શરીરાદિની રચના થઈ શકતી નથી,

શરીરાદિની રચનામાં થતો જીવ પ્રયત્ન તે જીવની સાથે ક્ષીરનીરવત્ સંબધિત બની રહેલ કર્મસ્વરૂપ પુદ્ગલ રજકણોના નિમિત્તને પામીને જ થાય છે. કર્મ સંબંધથી રહિત જીવોનો પ્રયત્ન આવી શરીરાદિની રચનામા હોઈ શકતો નથી.

ઇન્દ્રિયો દ્વારા અનુભવાતા વિવિધ અવસ્થાવંત વિશ્વના પ્રત્યેક પદાર્થો યા વિજ્ઞાને સિદ્ધ કરેલા અને તેમની દષ્ટિએ મનાતા સૂક્ષ્મમાં સૂક્ષ્મ પદાર્થો તે કોઈને કોઈ જીવના શરીર સ્વરૂપ પુદ્ગલ અવસ્થાના જ વિભાજીત યા સંયોજીત વિભાગો છે શરીરોના અસ્તિવ વિના વિશ્વના કોઈપણ દશ્ય પદાર્થનું અસ્તિત્વ સંભવી શકતુ નથી. આ શરીરાદિની રચના ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાઓમાથી જ જીવ પ્રયત્ને થતી હોઈ વિશ્વના દશ્ય સર્વ પદાર્થોનું ઉપાદાન કારણુ તે ગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓથી જ છે.

પુદ્ગલ પદાર્થો ઉપર થતો જીવ પ્રયત્નનો પ્રારંભ આ ગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓથી જ થાય છે. તે ગ્રહણયોગ્ય વર્ગણાઓમાંથી થતી વિશ્વ રચનામા જીવ પ્રયત્ન કેવી રીતે પ્રવર્તે છે તે સમજવા માટે જીવના 'અભિસંધિજ' અને 'અનભિસંધિજ' રૂપ આત્મશક્તિના સ્વરૂપને અન્ય ગ્રંથોથી સવિસ્તૃત જાણવું જોઈએ.

ગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓને શરીરાદિ રૂપે પરિણમન પમાડવામાં પ્રવર્તતો જીવ પ્રયત્ન તે 'અનભિસંધિજ' પ્રયત્ન તરીકે ઓળખાય છે.

શરીરમાં અનેક ધાતુઓ–ઉપધાતુઓ બને છે. પારસ્પરિક સંક્રમણ થાય છે, અનાવશ્યક પદાર્થ શરીરમાથી વિસર્જિત થાય છે, નિદ્રાવસ્થામા પણ એ પ્રવૃત્તિઓ ચાલુ જ રહે છે, આ પ્રકારે થવાવાળી સર્વ પ્રવૃત્તિઓમા પ્રવૃત્ત-વીર્યને અર્થાત્ આત્મ પ્રયત્નને ' અનભિસંધિજ ' વીર્ય કહેવાય છે

આપણે હાલીએ છીએ, ચાલીએ છીએ, તે સમયે અગર તો હાથ વડે કંઈક ઉચકવા ટાઇમે વિશેષ પ્રયત્નની જે આવશ્યક્તા રહે છે, એવી ઐચ્છિક પ્રવૃત્તિયોમા પ્રવૃત્ત આત્મ પ્રયત્નને 'અભિસંધિજ' વીર્ય કહેવાય છે.

ગ્રહણ યોગ્ય આઠ પૌદ્ગલિક વર્ગણાના સ્કંધોનું ગ્રહણ, શરીર રચના, ઉચ્છ્વાસ. ભાષા અને મન રૂપે થતુ તેનું પરિણમન. તથા ઉચ્છ્વાસ–ભાષા અને મનનું અવલંબન અને વિસર્જન એ બધુય તે પુદ્ગલોને ધારક તે તે જીવોના જ 'અનભિસંધિજ' વીર્ય (પ્રયત્ન) વડે જ થાય છે

શરીરાદિની રચનામા ઉપયોગી બની રહેવાની યોગ્યતા-વાળી પુદ્ગલવર્ગણાઓના તથા ઉપયોગી બની શકે નહિ તેવી અગ્રહણ યોગ્ય પુદ્ગલવર્ગણાઓના પુદ્ગલસ્કંધો (પરમાણુના પિંડમા)મા પુદ્ગલ પરમાણુઓનો પરસ્પર થતો એકમેક સંબંધ તે કોઈ જીવના પ્રયત્નજન્ય નહિં હોતાં સ્વાભાવિક અર્થાત્ 'વિસ્રસા' પરિણામરૂપ થાય છે આવી રીતે વિસ્રસા પરિણમિત ગ્રહણ યોગ્ય વર્ગણાઓના સ્કંધો પૈકી ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણાના પુદ્ગલ સ્કંધોમાથી ઔદા-

રિક શરીર, વૈક્રિય ગ્રહણ યોગ્ય વર્ગણામાંથી વૈક્રિય શરીર, આહારક ગ્રહણ યોગ્ય વર્ગણામાંથી આહારક શરીર, તૈજસ ગ્રહણ યોગ્ય વર્ગણામાથી તૈજસ શરીર, અને કાર્મણ ગ્રહણ યોગ્ય વર્ગણામાંથી કાર્મણ શરીરની રચના જીવ પ્રયત્ન વડે થાય છે વચનોચ્ચારમાં, ચિંતવનમાં, અને શ્વાસ લેવા મૂકવામાં અનુક્રમે, ભાષાવર્ગણાના, મન વર્ગણાનાં અને અને ઉચ્છ્વાસ વર્ગણાના પુદ્ગલસ્કંધોને જીવ ઉપયોગી બનાવે છે.

આ ગ્રહણયોગ્ય પુદ્ગલ વર્ગણાના સ્કંધોમાંથી જીવ પ્રયત્ન વડે રચાતા શરીરોની સંક્ષેપમાં સમજ નીચે મુજબ છે

ઔદારિક શરીર :—તિર્યંચ અને મનુષ્યને હોય

વૈક્રિય શરીરઃ—દેવ-નારકી-લબ્ધિધર પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય તથા વાયુકાયને હોય.

આહારક શરીર —ચૌદ પૂર્વના જ્ઞાતા આહારક લબ્ધિ વાળા પ્રમત્ત મુનીને હોય. તીર્થંકરની સમૃદ્ધિ જોવા અથવા ઉપદેશ આપતી વખતે શંકા પડે તો તેનું નિવારણ કરવા પ્રભુ પાસે જતી વખતે એક મુંડા હાથનું સ્ફટીકવત્ નિર્મળ એવું આ શરીર ભવચક્રમાં વધુમા વધુ ચાર વખત બની શકે.

તૈજસ શરીર—શરીરમાં જે ગરમી છે, તે આ તૈજસ શરીરની જ છે ખોરાક પચાવવામાં તથા તેજોલેશ્યા મૂકવામાં તેનો ઉપયોગ થાય છે.

કાર્મણ શરીર—સંસારી જીવને આત્માની સાથે ક્ષીરનીરવત્ સંબંધીત બની રહેલ કર્મ સમૂહ

આ તૈજસ અને કાર્મણ શરીર વિનાનો સંસારી આત્મા હોય જ નહિ. મરવા વખતે જીવ પોતાનું જન્મનું શરીર છોડી દે છે, પરંતુ તૈજસ કાર્મણ સાથે જ જાય છે.

સામાન્ય જનતા ઉપરોક્ત પાચ શરીરને બરાબર સમજી શકે તેવી રીતે આ શરીર અંગેની હકીકત જરા સ્પષ્ટતાથી વિચારવી જરૂરી ગણાય કારણ કે પાચે શરીરોનો ઔદારિકાદિ સંજ્ઞા વ્યવહાર અન્ય કોઈ દર્શન કે વૈજ્ઞાનિક ક્ષેત્રમાં નહિ હોતાં માત્ર જૈન દર્શનમા જ જોવામાં આવે છે.

શરીરધારી અનત જીવો પૈકી પ્રત્યેક જીવોનાં શરીર ભિન્ન ભિન્ન હોવાથી વ્યક્તિશ અનત શરીરો છે. પરંતુ કાર્ય કારણ આદિના સાદૃશ્યની દૃષ્ટિએ સંક્ષેપમા વિભાગ કરી જૈન દર્શનમાં તે શરીરોના ઔદારિકાદિ પાંચ પ્રકાર બતાવ્યા છે તે પાચ પ્રકારમા સર્વ સંસારી જીવોના શરીરોનો સમાવેશ થઈ જાય છે.

સંસારી અવસ્થામા શરીર વિના તો જીવ રહી શકે જ નહિ. કારણ કે સસારી જીવોને સુખ દુખના ઉપભોગનું યા તો ક્રિયા કરવાનું સાધન શરીર જ છે, વળી જીવ તો અરૂપી હોવાથી કઈ જગ્યાએ કયો જીવ રહેલો છે. તેનો ખ્યાલ છદ્મસ્થ જીવોને તો સજીવ દેહની પ્રત્યક્ષતાથી જ થઈ શકે છે

જેમ જાનવર જાતિના શરીરધારક જીવને જાનવર કહેવાય છે, વનસ્પતિ જાતિના શરીરધારક જીવને વનસ્પતિ કહેવાય છે, એમ વિશ્વમાં પ્રચલિત વિવિધ દેહધારક આત્માઓ તે તે દેહને અનુરૂપ સંજ્ઞાથી વ્યવહારાય છે.

ખનીજ પદાર્થો, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, હાલતાં ચાલતાં કે ઉડતાં કીડી–મકોડી આદિ જંતુઓ, પશુઓ, પક્ષીઓ, મનુષ્યો, આ બધાનાં સ્થૂલ શરીરો જે આપણને દૃષ્ટિગોચર થાય છે તે જ જૈન દર્શન કથિત ઔદારિક શરીર છે. આ ઔદારિક શરીર ઉપરોક્ત જીવોને જન્મસિદ્ધ જ છે. જન્મ દ્વારા જે પેદા થાય તે જન્મસિદ્ધ કહેવાય દેવ અને નારકીઓના જન્મસિદ્ધ શરીરને વૈક્રિય શરીર તરીકે ઓળખાવ્યુ છે. પાંચ શરીરો પૈકી જન્મસિદ્ધ શરીરો તો ઔદારિક અને વૈક્રિય એ બે જ છે. આ બન્ને શરીર તે તે શરીરધારક જીવને કાયમી રહી શકતાં નથી. સંસારી જીવ એક ભવ પૂર્ણ થયા બાદ તે ભવધારણીય શરીરને ત્યજીને જ જાય છે અને નવો ભવ કરવાના સ્થળે પહોંચતા ત્યા ભવધારણીય શરીરની રચના નવી કરે છે. એટલે ભવધારણીય યા જન્મસિદ્ધ શરીર જન્મકાળથી લઈ મરણ પર્યંત જ હોય છે

ઔદારિક શરીર તો જન્મસિદ્ધ જ છે વૈક્રિય શરીર તે જન્મસિદ્ધ અને કૃત્રિમ એમ બે પ્રકારનાં હોય છે. કૃત્રિમ વૈક્રિયનું કારણ 'લબ્ધિ' છે. એક પ્રકારની તપોજન્ય શક્તિને 'લબ્ધિ' કહેવાય છે. લબ્ધિજન્ય વૈક્રિય શરીરના અધિકારી

અમુક મનુષ્ય અને જાનવર પણ હોઈ શકે છે, તપોજન્ય લબ્ધિ સિવાયની જન્મથી જ મળવાવાળી એક બીજી લબ્ધિ પણ કૃત્રિમ વૈક્રિયના કારણમાં કેટલાક બાદર વાયુકાય જીવોને માનવામા આવેલ હોઈ તે જીવોમા પણ લબ્ધિજન્ય કૃત્રિમ વૈક્રિય શરીર હોઈ શકે છે

ત્રીજુ આહારક શરીર તો એક સંપૂર્ણ ભવ પુરતું પણ નહી હોતા અમુક યોગ્યતાવાળા મનુષ્યને અમુક ટાઈમ પૂરતુ જ હોઈ શકે, કારણ કે તે શરીર પણ એક વિશિષ્ટ પ્રકારની લબ્ધિજન્ય હોઈ જન્મસિદ્ધ નહિ હોતા કૃત્રિમ જ હોય છે

શરીરમાં રહેલી ગરમી યા જઠરાગ્નિ તે 'તૈજસ શરીર' છે ખાધેલ આહારાદિને પકવવામા કારણભૂત આ તૈજસ શરીર જ છે પકવવાની તાકાતવાળી ચીજ હોય તો જ શરીરમાં ખાધેલ આહાર પરિણામાન્તર પામે અને સાત ધાતુ રૂપે પરિણમે આવુ પરિણામાન્તર કરનાર તે જ તૈજસ શરીર છે આ તૈજસ શરીર તે જીવની સાથે વળગેલી ભઠ્ઠી છે દરેક સંસારી જીવની સાથે તૈજસ ભઠ્ઠી રહે જ છે જેમ અગ્નિનો સ્વભાવ છે કે બાળતણને પકડે છે અને પોતે ટકે પણ બાળ-તણથી જ. તેવી રીતે જીવની સાથે રહેલી તૈજસ રૂપી ભઠ્ઠી ખોરાકને પકડે છે. અને પોતે ટકે છે પણ ખોરાકથી જ આ તૈજસ શરીર સબંધેની હકિકત વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ ઠીક સિદ્ધ થઈ ચૂકી છે શરીર શાસ્ત્રીઓ કહે છે કે—જઠરાગ્નિના
નિ [illegible] નાર એક ચક્ર શરીરમાં રહે

નથી. પરંતુ કાર્મણ શરીર રૂપ અવયવીના વિવિધ અવયવો પૈકી 'શરીર નામકર્મ રૂપ' સંજ્ઞા ધારક પાચ અવયવો તેમા નિમિત્તકારણ છે.

કયું શરીર બાધવા માટે જીવે કઈ વર્ગણા ગ્રહણ કરવી તે નક્કી કરી આપવાનું કામ શરીર નામકર્મનું જ છે. એટલે શરીર પાંચ છે, જેથી શરીરનામકર્મ પણ પાચ જાતના છે, તથા શરીર રચનામા ઉપયોગી બની શકે તેવી પુદ્ગલ વર્ગણા પણ પાંચ પ્રકારે છે અહીં કયા શરીર માટે કયા શરીર નામ કર્મ રૂપ નિમિત્ત કારણ વડે કઈ પુદ્ગલવર્ગણા ઉપયોગી બની શકે તે સરળતાથી સમજાય તે માટે તે તે શરીરની, તે તે શરીર નામકર્મની અને તે તે શરીર રચનામા ઉપયોગી થઈ શકતી શરીર ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાની સંજ્ઞાઓ જૈન દર્શનમાં એક જ સરખી આપી છે. જેમ કે ઔદારિક શરીર રચનામા ઉપયોગી બની શકતી પુદ્ગલ વર્ગણાને ઔદારિક ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણા, તથા તેમા નિમિત્ત કારણ ઔદારિક શરીર નામકર્મ કહેવાય છે એ રીતે પાંચે શરીર યોગ્ય પુદ્ગલ વર્ગણા અને પાચે શરીર નામ કર્મ અંગે સમજી લેવુ આ ઉપરથી સમજી શકાય છે કે તે તે શરીરને યોગ્ય તે તે પુદ્ગલ વર્ગણાઓના ગ્રહણ માટે તે તે સંજ્ઞાવાળા શરીર-નામકર્મ જ નિયમિત હોય છે અમુક પુદ્ગલ વર્ગણા ગ્રહણ કરવા માટે અમુક નામકર્મ જ નિયમિત ન હોય તો કયું શરીર બાધવા માટે કઈ વર્ગણા ગ્રહણ કરાય છે, તે ચોક્કસ રહેત નહી.

શરીર રચનામા કેવલ તે તે શરીરને યોગ્ય પુદ્ગલ ગ્રહણ માત્રથી કઈ શરીર તૈયાર થતું નથી પુદ્ગલ ગ્રહણ કર્યા બાદ પણ તે પુદ્ગલોમાથી બે હાથ, બે સાથળ, પીઠ, મસ્તક, છાતી અને પેટ એ આઠ અગો, તથા આગળી પ્રમુખ ઉપાગો અને આગળીના પર્વ-રેખા વગેરે અગોપાગની રચના, આગળ પાછળ ગ્રહણ કરાતા તે તે શરીરના પુદ્ગલોનો અન્યોન્ય એકમેક સબધ. શરીર રચનામા ઉપયોગી પુદ્ગલ જથ્થાની રચના, શરીરમા હાડકાની ગોઠવણ, શરીરની વિવિધ આકૃતિઓ વિવિધ પ્રકારે વર્ણ-ગધ-રસ અને સ્પર્શનું શરીરમા થતુ નિર્માણ એ વગેરે રચનાઓ પૂર્ણ થયા બાદ જ શરીરરચનાની પૂર્ણતા થાય છે

જેવી રીતે જે જે શરીરની રચનામા તે તે શરીરને યોગ્ય પુદ્ગલ વર્ગણાનુ ગ્રહણ જીવ પ્રયત્ન વડે તે શરીરને અનુરૂપ સજ્ઞાધારક શરીર નામકર્મ રૂપ કર્મ પ્રકૃતિથી જ થાય છે તેવી રીતે શરીરની પૂર્ણ રચના થતા સુધીમાં તેમા થતી ઉપરોક્ત વિવિધ પ્રક્રિયાઓ વિવિધ સજ્ઞાધારક વિવિધ કર્મ પ્રકૃતિઓ રૂપ કારણને પામીનેજ થાય છે.

એક સસારી જીવને ઓછી માં ઓછામા ઓછાં બે અને વધારેમાં વધારે ચાર શરીર હોઈ શકે છે તે આ પ્રમાણે —

બીજું કોઈ પણ શરીર ન હોય ત્યારે પણ જીવને સસાર હોય ત્યા સુધી કાયમ રહેનારાં તૈજસ અને કાર્મણ શરીર તો હોય જ છે અન્ય શરીર સિવાય માત્ર આ બે

થયાની સ્થિતિ પ્રાપ્ત જીવજ આ તૈજસ-કાર્મણ શરીરના સંબંધથી સર્વથા મુક્ત થાય છે.

ઔદારિક અને વૈક્રિય શરીર તે ભવધારણીય હોવાથી એક ભવને અંતે જીવ તેને ત્યજી દે છે. વિશ્વમાં દૃષ્ટિગોચર થતી વિવિધ વસ્તુઓ, વૈજ્ઞાનિકોએ આવિષ્કારિત વિવિધ શક્તિ યુક્ત પદાર્થો તે સર્વ ઔદારિક શરીરધારક જીવોએ ત્યજેલ ઔદારિક શરીરમાંથી જ તૈયાર થાય છે. જેમ પ્લાસ્ટીકમાંથી વિવિધ પ્રયોગ દ્વારા વિવિધ વસ્તુઓ બનતી રહે છે, તેવી રીતે વિશ્વના દૃષ્ટિગોચર પદાર્થમાં ઔદારિક શરીરોના જ અંશો છે

વૈક્રિય શરીર તો તે તે શરીરને ધારક જીવો દ્વારા ત્યજાતાની સાથે જ તેના અણુઓ જલદી વિખરાઈ જઈ અદૃશ્ય બની જાય છે આહારક શરીર અંગે પણ એમ જ સમજવુ એટલે ત્યજિત વૈક્રિય અને આહારક શરીર કંઈ પણ ઉપયોગી બની રહેતું નથી

વિશ્વતંત્ર અને શરીરતંત્ર આદિની સ્પષ્ટ સમજ સમજવા ઇચ્છનારે ગ્રહણ યોગ્ય પુદ્ગલ વર્ગણાઓ અને તેમાંથી જીવ પ્રયત્ન વડે બની રહેતી વિવિધ વિશ્વ રચનાનું જ્ઞાન, તે તે વિષયના નિષ્ણાતોની નિશ્રાએ જૈનાગમદ્વારા જાણવામાં પ્રયત્નશીલ બની રહેવુ જોઈએ. અહી તો અતિ સંક્ષેપમાં તે વિષય પ્રત્યે લક્ષ્ય ખેંચ્યું છે.

માનવ અને માનવેતર અન્ય પ્રાણીઓની શરીર રચના,

તેની આકારાદિ અનેક વિવિધતા શાથી છે? નાનામાથી મોટું કઈ રીતે થાય છે? એનો કાચો માલ ક્યાથી કેવી રીતે આવે છે? યથાવત એનું કામ કેવી રીતે ચાલે છે? એનુ વિસર્જન કેમ થાય છે? કાન જ શબ્દને સાભળે છે, આખ જ જુવે, મોઢુ (જીભ) બોલે, પગ દોડે સલામત સ્થાને જાય, આ બધુ કેવી રીતે થાય છે? સદેશો એક બીજાને કોણ પહોચાડે છે? આ બધુ વિશ્વતત્ર, શરીરતત્ર આદિથી અત સુધી કઈ રીતે ચાલે છે? આ બાબતનો ઊડો વિચાર કરતા ગજબનાક આશ્ચર્ય ઉત્પન્ન કરનારી આ હકીકતની અતિસ્પષ્ટ અને બુદ્ધિગમ્ય સમજ, સાચા પૂર્ણવેત્તા શ્રી તીર્થંકર ભગવંતે આવિષ્કારિત થીયરીમાથી જ પ્રાપ્ત થઈ શકે છે. જેના ધ્યાનપૂર્વક અધ્યયનથી આધુનિક રોકેટ વિજ્ઞાન. ગંજાવર યત્રસામગ્રી આદિ જે માનવ સર્જીત અને સચાલીત છે. માનવ તેનો કાચો માલ મેળવે છે તૈયાર કરે છે. ગોઠવે છે એમા ભારે નવાઈ નહિ લાગે પણ વિરાટ કહેવાતું વર્તમાન વિજ્ઞાન વામન અને ક્ષુદ્ર લાગશે એની એક સૂક્ષ્મ નલીકાની પણ ભૂલ બધુ કામ બગાડી નાખે છે. જ્યારે વિશ્વતત્ર સદાકાળ ધારાબદ્ધ પ્રવાહે ચાલ્યા જ કરે છે અને ચાલ્યા જ કરશે એને જાણવા જેમ મથશો તેમ અદ્ભુત રસથી તરબોળ થશો, અકલ્પ્ય આશ્ચર્ય થશે જેની પાસે માનવ સર્જીત વિજ્ઞાન મેરૂ પાસે રાઈ કરતા પણ નાનું લાગશે.

અહી એ જ બાબત બતાવવાની છે કે દષ્ટિગોચર થતા સૌ વૈજ્ઞાનિકોએ આવિષ્કારિત સૂક્ષ્મ વ્યવસ્થાવંત પુદ્ગલ

પ્રકરણ ૮ મુ

સુખ પ્રાપ્તિની સમજમાં ભૌતિક વૈજ્ઞાનિકોની ભ્રમણા

સંસારમાં બે શક્તિઓ કામ કરી રહી છે; એક જડ અને બીજી ચેતન. એક શારીરિક અને બીજી આત્મિક એક પ્રાકૃતિક અને બીજી પૌરૂષિક

જડશક્તિ સ્થૂળ છે, માટે જ ઇન્દ્રિયગમ્ય છે. ચેતનશક્તિ અતિ સૂક્ષ્મ છે, માટે જ અતીંદ્રિય છે. જડશક્તિનું સામ્રાજ્ય જગતસૃષ્ટિના વિસ્તારમાં છે, અને ચેતનભાવનું સામ્રાજ્ય એનાથી પર છે. જડશક્તિ સામાન્ય રીતે અનુભવ યોગ્ય છે ચેતનભાવ અનુમાનગમ્ય છે.

આજનું વિજ્ઞાન કે આજનો વિદ્વાન, જડજગતની આમ પાસ આંટા મારે છે. જો કે એણે એમાં સારી શોધો કરી છે, એ દ્વારા એણે અનેક બહુમૂલ્ય વસ્તુઓ વિશ્વને આપી છે, પણ દુ:ખ એ છે કે એ સિવાય ચેતનભાવ જેવું બીજું કોઈક તત્ત્વ આ ધરતી પર છે એની એને ઝાંખી થતી નથી.

આત્મત્વ કે ઈશ્વરત્વભાવનું યથાર્થ સ્વરૂપ એના અનુમાનમા પણ આવતુ નથી. આજના એ વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરી બતાવ્યું છે કે સૂક્ષ્મ પરમાણુ ઇલેક્ટ્રોનમાં એટલી અજબ શક્તિ હોય છે કે તેના વિસ્ફોટથી વિશાળભૂમિ ધગ-

વતા દેશ અને ઉપખંડનો પણ ક્ષણવારમાં સર્વ નાશ કરી શકાય છે. આજના અણુબોમ્બો એનું જીવંત પ્રમાણ છે. પરંતુ એમને હજુ સુધી એ માલુમ પડયું નથી કે —

જગતમા જડથી ઉલટું જે ચેતન તત્ત્વ છે, તેના પરમાણુની શોધ કરતા જાણી શકાય છે કે એમા તો જડ કરતાં પણ હજારોગણી શક્તિ ભરી હોય છે ચેતનશક્તિ પોતાના સંકલ્પબળથી પણ જડ પદાર્થોનો પોતાની ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકે છે એક ચેતનશક્તિ ધારક પ્રાણિ કોઈપણ જાતના બાહ્ય પ્રયોગ વિના આંતરિક સંકલ્પબળથી અન્ય પ્રાણીઓના દિલને આકર્ષી શકે છે. દુશ્મનને મિત્ર બનાવી શકે છે હિંસક ભાવોથી મુક્ત બનાવી શકે છે. વિશ્વના પ્રાણીઓમા મૈત્રી ભાવનાને પ્રગટાવી વિશ્વશાંતિ પણ સ્થાપન કરી શકે છે પરંતુ આ શક્તિનો સાચી દિશામા પ્રયોગ થાય તો જ જડપદાર્થોની સહાય વગર બધા કાર્યો પાર પાડી શકાય છે આપણા પૂર્વજો આવું જ્ઞાન ધરાવતા હતા પણ આજે તેનું જ્ઞાન માત્ર ગ્રંથોમા જ પુરાઈ રહ્યું છે

પૂર્વ મહર્ષિઓની અનુભવગમ્ય માન્યતા હતી કે જે જ્ઞાન-વિજ્ઞાન આપણી દુર્વાસનાનું પોષક હોય માનવને દાનવ બનાવતું હોય. પાશવી વૃત્તિને વેગ આપનાર હોય. જીવનના સદાચારોને કચડી નાખનાર હોય કેવળ ભૌતિકવાદ તરફ જ માનવીને તાણી જતું હોય. જેમા ડગલે ને પગલે માનવતાનું ખૂન થતું હોય જે આ ભવને તો બગાડનાર હોય પરંતુ પરભવને પણ બગાડનાર હોય જેમાં ઇન્દ્રિયની વિષયા-

સહેવાનું છે. દેવગતિમા વૈભવવિલાસ છે. જ્યારે ચેતનશક્તિ-નો વિકાસ તો સાચી સમજણ દ્વારા મનુષ્યગતિમાં જ થઇ શકે છે. આ મનુષ્યગતિમાં જ વિચાર કરવાની તક છે. પરંતુ મનુષ્યપણું હોતે છતે મનુષ્યગતિની મહત્તા માનવ ભૂલી ગયો છે જે લિફ્ટ ઉંચે મહેલમાં લઈ જઈ શકે તેના જ દ્વારા એ નીચે ખાડામાં જવા પ્રયત્ન કરે છે

સાતમી નરકે અહીંથી સીધી રીતે જનારા જો કોઈ જીવ હોય તો તે એક મનુષ્ય અને બીજો તંદુલિક મચ્છ. અર્થાત્ મનુષ્ય જેમ ઉર્ધ્વગતિ પામવા ભાગ્યશાળી છે, તેમ અધોગતિ પામવા કમનસીબ પણ છે જેવી મતિ તેવી ગતિ. પરંતુ આવી બાબતો આજની નવી ઢબની કેળવણીથી સંસ્કારીત બનેલાને હંબક જ લાગે છે, તુચ્છ ભાસે છે કારણકે ભારતવાસીઓને પૂર્વકાલમાં ગળથુથીથી જ જે સંસ્કાર જે કેળવણી મળતી હતી તેનાથી આધુનિક કેળવણીનો માર્ગ જ વિપરીત છે ભૂતકાળમા કેળવણીનો હેતુ સત્યના અનુભવ માટે અને જ્ઞાનના પ્રેમ માટે હતો. હાલ તો કેળવણી તેને જ કહેવાય કે જે કેવળ પોતાની સુખસગવડ અને એશઆરામની સંવર્ધક હોય જ્ઞાનને અર્થે જ્ઞાન એ પૂર્વે હતુ, અને એશઆરામ માટે જ્ઞાન એ હાલનો હેતુ છે એટલે એકમા હેતુ પરમાર્થનો અને બીજામાં હેતુ સ્વાર્થનો છે બન્ને દૃષ્ટિબિન્દુમા અવની-આભનું અંતર છે સામાન્ય બુદ્ધિવંત કદાચ માનવા લલચાશે કે જેનાથી એશઆરામ વધારે મળતો હોય તેવા જ્ઞાનનું દૃષ્ટિબિંદુ શા માટે ન રાખવું ?

પરંતુ આ કાચી સમજણ છે. દૈવી વિદ્યાની પ્રાપ્તિમાં જે અવર્ણનીય આનંદ રહ્યો છે, તેની કલ્પના પણ સામાન્ય બુદ્ધિમાનને આવવી મુશ્કેલ છે અને તેથી જ તે એશઆરામને સંપૂર્ણ સુખ સમજી લઈ તેની પ્રાપ્તિના જ્ઞાનને જ સાચુ જ્ઞાન, સાચુ ભણતર અને સાચી કેળવણી ગણી બેસે છે. તે ચાર વસ્તુની ચિંતા કરે છે (૧) શરીર (૨) લક્ષ્મી (૩) પુત્ર-પુત્રીઓ અને (૪) પ્રસિદ્ધિ આ ચારમા જ તેનુ મન રોકાએલુ છે બીજુ ઉદાત્ત તત્ત્વ એની પાસે નહિ હોવાથી એ વધુ દુખી થાય છે ચિંતાના બોજથી એ વધુ ને વધુ દબાતો જાય છે ભગવાન પાસે, ગુરૂ પાસે જ્યા જાો ત્યા એની જ ચિંતા કરશે આ મનની ટાંકીમા જ્યાં સુધી સારા વિચારો નહિ આવે ત્યા સુધી સતત બની આવી ખોટી ચિંતા નહિ મટે ચિંતા નહિ મટે ત્યા સુધી દુખ જ છે કારણ કે સુખ તે ભૌતિક સાધનોમા નથી પણ માનસિક આનંદમા છે માણસ પાસે બધી ભૌતિક સંપત્તિ હોવા છતા તેને ઘણીવાર સુખનો અભાવ જણાય છે માટે મનજી કહેવુ જરૂરી છે કે મન જ સુખ અને દુખ સર્જે છે એટલે મનને શી રીતે પ્રશાંતિ રાખવુ એ જ વાત આપણા માટે અગત્યની બની રહે છે માનસશાસ્ત્રનો અભ્યાસ પણ કહે છે કે સુખ અને સંતાપ એ મનના કારણો છે તો આપણે વિચારવુ જોઈએ કે જીવન વ્યવહારની દરેક ક્રિયા કરતી વખતે મન શી રીતે આનંદમા રહે ”

[illegible]

છે. પૂ. ઉ. શ્રી માનવિજયજી મહારાજે શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનમાં ગાયું છે કે :—

બાળકાળમાં વાર અનંતી, સામગ્રીએ નવિ જાગ્યો,
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો.
પ્રભુજી ! મહેર કરીને આજ, કાજ અમારા સારો.

શ્રી મોહનવિજયજી મહારાજે પણ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં ગાયું છે કે.—

જો તુમ ધ્યાતા શિવસુખ લહીયે,
તો તુમને કોઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપક્વ થયા વિણ,
કોઈ ન મુક્તિ જાવે,
હો ! પ્રભુજી ઓલંભડે મત ખીજો

અહિં સ્તવનકારનો પણ કહેવાનો ઉદ્દેશ એ જ છે કે, ત્રીજા યા ચોથા આરામાં ભવ્ય જીવોને પુરૂષાર્થ હોવા છતાં પણ ચરમાવર્ત્ત અવસ્થા સિવાય મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી આ ચરમાવર્ત્તકાળને બૌદ્ધો 'બોધિસત્ત્વ' કહે છે. સાંખ્યદર્શની તેને 'નિવૃત્ત પ્રકૃત્યાધિકાર' કહે છે. અને અન્ય દર્શનીઓ 'શિષ્ટ' કહે છે

ત્રીજા યા ચોથા આરામાં ચરમાવર્ત્તને પામેલા ભવ્યાત્માઓ પણ ચરમાવર્ત્તને પામવા માત્રથી જ મોક્ષ પ્રાપ્તિ કરી શકતા નથી. તેને પણ મોક્ષપ્રાપ્તિ માટે પ્રથમ સમ્ય દર્શન પ્રાપ્તિ, અનંતાનુબંધી વગેરે કષાયોનો ક્ષય, શ્રેણા-

રોધ, આવર્જિકરણ, સમુદ્ઘાત. શૈલેશિકરણ ઇત્યાદિ પૂર્વકર્મ હોવાં જોઈએ ઉપરોક્ત રીતની આત્મશુદ્ધિ અચરમાવર્ત્ત-કાળમા હોઈ શકતી જ નથી, પણ ચરમાવર્ત્તકાળે તો મોક્ષ-પ્રાપ્તિ માટેના સમ્યગ્ દર્શનાદિ પૂર્વકૃત્ય હોવાં જ જોઈએ આ પૂર્વકૃત્ય પણ કોઈને પૂર્વભવથી ક્રમશ ચાલ્યા આવે છે. અને કોઈને તે જ ભવમા મુક્તિગમનના નજીકના પૂર્વ સમયના પણ હોય છે ઉપરોક્ત પૂર્વકૃત્યો પણ આત્મવીર્ય ફોરવવારૂપ ઉદ્યમ વિના થઈ શકતા નથી એટલે ઉદ્યમ યા પુરૂષાર્થ પણ મોક્ષપ્રાપ્તિનુ જરૂરી કારણ છે

આ રીતે મોક્ષપ્રાપ્તિ તે પાચ સમવાય કારણોથી જ થાય છે મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યસિદ્ધિ જેમ ઉપરોક્ત પાચે કારણોના મળવાથી જ થાય છે તેમ બીજા વ્યાવહારિક કાર્યો પણ પાચ કારણો મળવાથી જ થાય છે તે ઘડાના દૃષ્ટાંત નીચે મુજબ સમજવુ

ઘટોત્પત્તિરૂપ કાર્યમા જે કાળે અથવા જેટલે કાળે ઘટ તૈયાર થાય તે કાળ કારણ માટીના ઘટોત્પતિનો સ્વભાવ છે તો જ માટીના ઘટ બને છે વાલુના ઘટ બનવાનો સ્વભાવ નથી તેથી બનતા નથી માટે સ્વભાવ કારણ પણ ત્યા છે તથા પ્રથમ દંડભ્રમણાદિ ક્રિયાઓ વિના ઘટાકાર ન બને માટે તે રૂપ પૂર્વક્રિયા કારણ પણ ત્યા છે વળી પૂર્વક્રિયાઓ કરવામા કુંભાર ઉદ્યમવાન થાય તો જ માટી ઢવાય અને ફેર દંડભ્રમણાદિ ક્રિયાઓ થવાપૂર્વક ઘટ બને પણ જો ઉદ્યમ ન કરે તો કંઈ પણ ન બને

છદ્મસ્થ આત્મા ગર્વિષ્ઠ બની ન જાય અગર આર્ત્ત-ધ્યાની બની ન જાય એટલા માટે બાળજીવોને ભવિતવ્યતાની મુખ્યતા બતાવવામાં વાંધો નથી. જેમકે સંવર અને નિર્જરા ના કાર્યમાં વધુ પ્રયત્નશીલ બની રહેનાર આત્માએ સમજવું જોઈએ કે હાલ મારો પુરૂષાર્થ સમ્યગ્પ્રવૃત્તિવાળો હોવા માત્રથી મારે અભિમાની બની જવાનું નથી. કારણ કે હજુ મારા આત્મામાં રાગદ્વેષનાં બીજ સુષુપ્તપણે પણ રહેલાં છે. ઉપશમશ્રેણિને આરોહી ઉપશાત વીતરાગ બનનાર આત્માનો પુરૂષાર્થ પણ પલટાયો છે. તેથી કદાચ મારી ભવિતવ્યતા બૂરી હશે તો મારા પુરૂષાર્થમા પણ પલટો થતાં વાર નહિં લાગે. માટે વર્તમાન પુરૂષાર્થ માત્રથી મારે અભિમાની બની જવાનુ નથી.

વળી સમ્યગ્ પુરૂષાર્થમાં પ્રવર્તન હોવાં છતાં પણ પૂર્વકૃત અસદ્ પુરૂષાર્થના પરિણામે પ્રાપ્ત વિપરીત સંજોગોમા પણ ભવિતવ્યતાનો સ્વીકાર કરી આર્ત્તધ્યાની નહિ બનતાં સમભાવે રહે.

કેટલાક જીવો એવા હોય છે કે ભવિતવ્યતા યા નિયતિને નહિ સ્વીકારતા પુરૂષાર્થની જ મુખ્યતા ગણી, પુરૂષાર્થથી ભવિતવ્યતા પણ ટાળી શકાય છે, એવી માન્યતા ધરાવે છે. આ અંગે પણ થોડીક વિચારણા કરવી જરૂરી છે.

તાપની પરવા કર્યા વિના સતત પરિશ્રમ ઉઠાવવા છતાં પણ માડ માંડ સૂકો રોટલો મેળવે છે. જ્યારે દિનરાત આરામ કરનાર કોઈ કોઈ વ્યક્તિને સામાન્ય પ્રયત્ને પણ લાખોની કમાણી મળી જાય અગર લોટરીનું ઈનામ પણ પ્રાપ્ત થઈ જાય છે માટે જો પુરૂષાર્થની જ પ્રધાનતા હોત તો પુરૂ-પાર્થી સુખી બની રહેવો જોઈએ. અગર અલ્પપુરૂષાર્થે ઇચ્છિત પ્રાપ્તિમાં અલ્પતા અને વધુ પુરૂષાર્થે ઇચ્છિત પ્રાપ્તિમા વિશેષતા હોવી જોઈએ પરંતુ તે પ્રમાણે સર્વત્ર એકાત કદાપી જોવામાં આવતુ નથી, માટે પ્રારબ્ધ જ બળવાન છે નહિ કે પુરૂષાર્થ અર્થાત્ પુરૂષાર્થની સફ-લતા પ્રારબ્ધને જ આધીન છે

પ્રારબ્ધના ભરોસે બેસી રહેવા નહિ ઈચ્છનાર કહે છે કે, પ્રારબ્ધથી જ જો સુખ પ્રાપ્તિ થઈ જતી હોય તો માણસે હાથ-પગ હલાવ્યા વિના ઓઢીને સૂઈ જવુ, ઘરમાં પૈસો, અનાજ, કપડા વગેરે બધુ સ્વયં આવી જશે અરે ! મોમા કોળિયો પણ એની મેળે આવી પડશે. પરંતુ પુરૂષાર્થ કર્યા વિના તે બધુ સ્વયં બની રહેતું જગતમાં ક્યાંય પણ જોવામા આવતુ નથી. માટે પુરૂષાર્થ જ બળવાન છે. નહિ કે પ્રારબ્ધ અર્થાત્ પ્રારબ્ધની સફલતા પુરૂષાર્થને જ આભારી છે અહિ પુરૂષાર્થની પ્રધાનતા કહેનારની દ્રષ્ટિમાં પુરૂષાર્થ માત્ર તેને જ માનવામા આવે છે કે પ્રારબ્ધ પ્રાપ્તિ સમયે જીવની મન-વચન-કાયા વડે થતી વ્યવહારિક પ્રવૃત્તિ પ્રારબ્ધ પ્રાપ્તિમા આ સિવાય અન્ય કોઈ પુરૂષાર્થ તેની દ્રષ્ટિમાં હોતો નથી.

જૈનશાસ્ત્ર પ્રમાણે વિચાર કરીએ તો બ્રહ્મચર્ય સિવાય દરેક વસ્તુ અનેકાંતવાદ માગી લે છે. વ્યવહારિક દૃષ્ટિથી જોઈએ તો "ઢાલની બે બાજુ" એ યુક્તિ છે

તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ તો પ્રારબ્ધ અને પુરૂષાર્થ એ બન્ને સાધારણ છે. તોપણ તેમા એક દૃષ્ટિએ પુરૂષાર્થ મુખ્ય છે કારણ કે, પ્રારબ્ધ એટલે બીજુ કંઈજ નહિ, પણ પૂર્વકૃત પુરૂષાર્થનું ફળ તેનું જ નામ પ્રારબ્ધ છે

અન્ય દૃષ્ટિએ વિચારીએ તો પ્રારબ્ધ જ બલવાન છે. અને તે એ રીતે કે —

પ્રારબ્ધ અનુસાર જીવમા ઉત્પન્ન થતી બુદ્ધિદ્વારા જીવ વડે કરાતી માનસિક–વાચિક અને કાયિક પ્રવૃત્તિને જ પુરૂષાર્થ કહીયે તો ત્યા પુરૂષાર્થ બળવાન નહિ હોતા પ્રારબ્ધ જ બળવાન છે

પ્રારબ્ધ પ્રાપ્તિના મુખ્ય કારણરૂપ ભવાન્તરમા કરેલ સુકૃત્ય યા દુષ્કૃત્યરૂપ પૂર્વકૃત પુરૂષાર્થ પ્રત્યેનો દૃષ્ટિકોણ આજના ભૌતિકવાદના જમાનામા લગભગ વિસરાઈ જ ગયો છે માટે તો સામાન્ય જનસમૂહમા પ્રારબ્ધને અનુરૂપ બુદ્ધિ અનુસાર થતી જીવની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિને જ માત્ર પુરૂષાર્થ માની આ પુરૂષાર્થથી જ વર્તમાન પ્રાપ્ત- [illegible] પ્રાપ્તિનો અહંકાર આપણા [illegible] [illegible] કે મે આ કર્યું, તે કર્યું, એમ [illegible] અભિમાન [illegible] [illegible] છીએ. હુ આમ કરીશ ને તે કરીશ [illegible] [illegible] [illegible] પણ [illegible] છીએ.

આ અભિમાન માનવીને પછાડે છે. એના વિવેકચક્ષુ આડે એ પડદો બની જાય છે. અભિમાની માણસ સત્યને જોઈ કે સમજી શકતો નથી એ અનેકને ત્રાસરૂપ પણ બને છે. આ અભિમાનને તોડવા માટે પાચ સમવાય કારણો સ્વરૂપ કુદરતી બળો સાથે આપણી શક્તિઓની તુલના થાય અને આસપાસના સંયોગોની સાથે આપણા વર્તમાન પુરૂષાર્થની સરખામણી થાય એ ઇષ્ટ છે. કોઈપણ ક્ષેત્રે આપણને પ્રાપ્ત થતી સિદ્ધિના કારણોમા આપણે ઊંડા ઉતરીએ તો જરૂર સમજાશે કે પાચ સમવાય કારણ સ્વરૂપ કુદરતી અનુકુળતા જ કાર્યસિદ્ધિનું મુખ્ય કારણ છે

માટે અન્ય સંયોગોની સાથે આપણા વર્તમાન માનસિક, વાચિક કે કાયિક પુરૂષાર્થના મિલન થવા વડે નીપજતી કાર્યસિદ્ધિમા આપણે આનંદ અનુભવીએ કે સાત્વિક સંતોષ પણ લઈએ તેમા ખોટુ નથી પરંતુ તેમાં અભિમાન સેવવા જેવું તો નથી જ એ ભૂલાવુ નહિ જોઈએ માનવ જો સમજી લે કે એ કુદરતનો સ્વામી નથી પણ સતાન છે, તો તેનામાં અભિમાનના ભય ઊભા થાય નહિ અને તેને પડવાનુ પણ બને નહિ

અહિ પ્રારબ્ધવાદની મહત્તા તે પાચ સમવાય કારણોના રહસ્યને નહિ સમજનાર બાળજીવોને અનુલક્ષીને જ વિચારવામા આવી છે બાકી પાચ સમવાય કારણોના રહસ્યને સૂક્ષ્મતાથી સમજી શકનાર માટે તો પાચ સમવાય કારણોમા પોતાને કરવાનો તો માત્ર પુરૂષાર્થ જ છે. તે પુરૂષાર્થ કેવા

સ્વરૂપે હોય ? કેવા કેવા પ્રારબ્ધ સૂચક હોય ? તે વિષય આગળ વિચારીશું.

ભાગ્ય. નસીબ યા પ્રારબ્ધ અંગે પોતાની જિંદગીમાં વિવિધ પ્રકારના સંયોગ અને વિયોગના પ્રસંગો અનુભવીને એક વિદ્વાન વિચારકે કહ્યું છે કે—

"મારી જિંદગીમાં મેં ફક્ત એક જ પાઠ તારવ્યો છે કે માનવીના સઘળા પ્રયાસોની સફલતા મહદ્ અંશે ભાગ્યાધીન હોય છે. સંકલ્પ, બળ, પરિશ્રમ તથા દિલ અને દિમાગના કેટલાક ગુણ વગર કોઈને પણ સફલતા મળી ન શકે એમાં તો શંકા નથી જ પરંતુ એ બધું હોવા છતાં માનવીને તક ન મળે. તેના સંજોગો અનુકૂળ ન હોય તો તે કોઈ ગણનાપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. જિંદગી આખરના ભૂતકાળના અનુભવોનો વિચાર કરતા એ સઘળા અનુભવો આપણને એ બાબતની પ્રતીતી કરાવે છે કે માનવી ગમે તેવી કાળજીપૂર્વક તેમજ હોશિયારીથી પ્રયાસો કરે, છતાં પરિણામ એટલા તેના પ્રયત્નો પર આધાર રાખતું નથી. જેટલા સંજોગાનુજોગ કહો. તક કહો. યા નસીબ કહો. પણ તેના [illegible] [illegible] ભાગ ભજવતું જ હોય છે [illegible] [illegible] તેની [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

આવે છે. કહેવાય છે કે પ્રારબ્ધવાદ માણસને આળસુ કે નિષ્ક્રિય બનાવી દે છે. પરંતુ આ વાત તદ્દન ખોટી છે. કારણ કે, તેનું પ્રારબ્ધ જ તેને જે કાંઈ કરવાનું હશે તે તેની પાસે કરાવશે જ. શ્રી રમણ મહર્ષિને જ્યારે કોઈએ પૂછ્યું કે શું! મારે હાથ જોડીને બેસી રહેવું? ત્યારે મહર્ષિએ કહ્યું કે "એમ કરી શકો તો ઉત્તમ, પરંતુ તમારૂં પ્રારબ્ધ તમને એમ કરવા દેશે નહિ."

એવો પણ આક્ષેપ થાય છે કે પ્રારબ્ધવાદ તે માણસને આળસુ નહિં તો હિંમત વગરનો, નમાલો, માયકાંગલો કે દીનહીન બનાવે છે. આનો ઉત્તર એટલો છે જ કે કોઈ વાદથી કોઈ ભારતવાસી કે ઇતિહાસને ઘડાવાનું કે ચલિત થવાનું હોતું જ નથી, જે એક જ પરમ સત્તા કે શક્તિ (પાંચ સમવાય કારણો) સર્વત્ર–સર્વદા, સર્વથા કામ કરી રહી છે. એ તેને ઘડશે, ચડાવશે કે પાડશે બીજો ઉત્તર એ કે, ખરૂં જોતા ખરા પ્રારબ્ધવાદીઓ જ મહાપરાક્રમી હોય છે, કારણ કે પરાક્રમ કરતાં કરતાં એમને જ એવા અનેક અસામાન્ય અનુભવ થતા રહ્યા હોય છે કે તેઓ તેનાથી જ સ્વાભાવિક રીતે પ્રારબ્ધ તરફ બગ નિશ્ચિથી વળી રહેલ હોય છે દાખલા તરીકે નેપોલિયન, તે ચુસ્ત પ્રારબ્ધવાદી હતો તેને એક વખત જ્યારે એક સરદારે પૂછ્યુ કે તમે ભાગ્યમાં આટલું બધું માનો છો તો યોજનાઓ શા માટે ઘડો છો? ત્યારે તેણે જવાબ આપ્યો કે મારૂં ભાગ્ય જ મારી પાસે યોજનાઓ ઘડાવે છે.

આપણા આ જીવનની દરેકે દરેક ક્રિયા પ્રારબ્ધાનુસાર જ થાય છે. પરંતુ આપણે ખોટી રીતે માની બેઠાંએ છીએ કે આમ કર્યું તો જ આમ થયું, "કર્યું અને થયું" એ બરાબર. પરંતુ કરનાર અને થનાર કોણ? તેનું આપણા અહંભાવને લીધે સતત વિસ્મરણ થાય છે. અને તેથી આપણે સમજણ વગરની પુરુષાર્થની વાત માંડીએ છીએ. આથી વાત "શોપનહોર" નામે એક વિચારકે લખી છે કે માણસ ચાહે તે કરી શકે છે, પરંતુ એ શું ચાહશે તે તેની ઇચ્છાશક્તિની વાત નથી આ રીતે આપણને આપણા પ્રારબ્ધ પ્રમાણે જ બુદ્ધિ સૂઝે છે. તે પ્રમાણે આપણે કામ કરીએ છીએ અને ફળ ભોગવીએ છીએ.

પ્રારબ્ધને નહિ સમજનાર પુરુષાર્થીમાં અહંભાવ પૂરપાટ વિસ્તરેલો હોય છે. તેનામાં કામ, ક્રોધ, અભિમાન, લોભ વગેરે પણ એવા પૂરપાટ જામેલા હોય છે કે તેને ઘડી વાર પણ જંપવા દેતા નથી એનું [illegible] સુખ તે પોતાને મન તો દુઃખ જ હોય છે નાટકના નટની જેમ [illegible] [illegible] જેમ [illegible] કરી એ પોતાની જિંદગીની [illegible] કરે છે.

પ્રારબ્ધને નહિ સ્વીકારનાર પુરુષાર્થીઓ અહંભાવમાં [illegible] બની પોતાના પુરુષાર્થદ્વારા પ્રારબ્ધ પરિવર્તન કરવાની [illegible] એવી પ્રયત્ન આદરે છે. પરંતુ ભવિતવ્યતાના [illegible] [illegible] વિપરીત હોય તો પરિવર્તન કરવાની બુદ્ધિ

આ સર્વ હકીકતનો સાર એ લેવાનો છે કે માણસે ધર્મ તથા મોક્ષમાં પુરૂષાર્થી બનવું અને અર્થ તથા કામની સિદ્ધિમાં પ્રારબ્ધવાદી બનવું.

સંસારના ભૌતિક પદાર્થની પ્રાપ્તિ પાછળ ગમે તેટલી દોટ મૂકવા છતાં પૂર્વકૃત પુણ્યાઈની પ્રબલતા વિના તેમા સફલતા કદાપી મળવાની નથી, એ ભારતવર્ષની સંસ્કૃતિનો મૂળ પાયો વિસરાવો ન જોઈએ.

એક સરખી ભવિતવ્યતાની પ્રાપ્તિમાં બાહ્યકારણો એક સરખાં નહિ વર્તતાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી વિવિધ સ્વરૂપે જોવાય છે, તેનું કારણ એ છે કે, એક સરખી ભવિતવ્યતાના નિર્માણમાં પણ જીવના અધ્યાવસાયો વિવિધ પ્રકારના હોઈ તે તે પ્રકારના અધ્યાવસાયને અનુલક્ષીને પ્રારબ્ધ પ્રાપ્તિ સમયે ભિન્ન ભિન્ન પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવસ્વરૂપ બાહ્ય કારણોનું અસ્તિત્વ વર્તે છે એટલે એક સરખી પ્રારબ્ધ પ્રાપ્તિ માટે સ્વ યા અન્ય દ્વારા વર્તતો બાહ્ય પુરૂષાર્થ સમાન સ્વરૂપે જ નહિં હોતાં વિવિધ સ્વરૂપે પણ હોઈ શકે છે કયા સમયે કેવા પ્રકારના પુરૂષાર્થ કરવામા જીવ પ્રવર્તશે તે પુરૂષાર્થનો ઉદ્ભવ, જીવની ભવિતવ્યતા યા પ્રારબ્ધને જ અનુરૂપ હોઈ સ્વપુરૂષાર્થ અંગે નિરભિમાની અને અન્ય જીવોના પુરૂષાર્થમા ઔદાસિન્ય યા સમભાવી બનવુ એનું નામ જ વાસ્તવિક ધર્મ યા તત્વજ્ઞાનની સાચી સમજ છે.

કમઠાસુર દ્વારા થતા ઉપસર્ગમાં અને ધરણેન્દ્ર દ્વારા

થતા ઉપસર્ગ નિવારણમા પ્રભુ શ્રી પાર્શ્વનાથની વર્તતી સમ
ભાવી વિચારધારા આપણને ઉપરોક્ત હકીકતની સાચી સમજ
પ્રદ કરે છે વળી સંગમદેવદ્વારા થતા ઉપસર્ગ સમયે પ્રભુ
શ્રી મહાવીરદેવનો વર્તતો કરૂણાભાવ જ સાચી મહાવીરતાનો
આપણને પરિચય કરાવે છે

અનંત જન્મો અને તેથી થતા અવિરત કાર્યમા મા
નનુ સંચિત પ્રારબ્ધ જ કામ કરી રહ્યુ હોય છે પ્રારબ્ધની
અસર થાય છે જ અને કરેલા કર્મનુ ફળ ભોગવે જ
છૂટકો છે પ્રારબ્ધ પ્રાપ્તિમા નિમિત્તભૂત બનતા અનુકૂળ કે
પ્રતિકૂળ સંયોગોનો તેમાં કંઈ પણ દોષ હોતો નથી એટલે જ
જ્ઞાની પુરૂષો તેવા નિમિત્ત કારણો પ્રત્યે ઔદાસિન્ય વૃત્તિવાળા
બની રહે છે

માણસના કર્મ કે આચરણના ગુણદોષ પ્રમાણે પરિણા
મના [illegible] ભાવિને જ સંચિત નસીબ તરીકે ઓળ
ખાય છે પ્રત્યેક જીવનુ જીવન તેની પ્રત્યેક ક્ષણે [illegible]
[illegible] કર્મ કરતુ જ રહે છે એ કર્મ તે મનથી [illegible]
[illegible] ક્રિયાથી એમ ત્રણ પ્રકારની ગતિથી થાય છે તેમ
[illegible] પ્રક્રિયાથી થતા કર્મના ગુણદોષનુ માપ [illegible]
બને છે

આ [illegible] વિવિધ જીવન [illegible]
[illegible] પૂર્વનિશ્ચિત હોય છે [illegible]
[illegible] દોસ્તો અને વિરોધીઓ [illegible]
[illegible] પ્રમાણે જ બને છે [illegible]

માનવીના કર્મોનું જ ફળ છે. એમાં કોઈ માટે અસંતોષ જેવું લાગે તો કોઈની પાસે ફરિયાદ કરવાનો કશો અર્થ નથી. કારણ કે મૂળ દોષ તો પ્રારબ્ધ યા સંચિત કર્મોનો જ હોય છે. એટલે જીવનને સુખી બનાવવા સારી વાત તો એ છે કે આવતી કાલ સુધરે એવું વર્તન રાખવું અને સુકર્મો કરવા. ઋણાનુબંધની સામે થઈને મગજ ફેરવવાથી કોઈ લાભ થતો નથી.

ચાલુ જન્મમા જેણે કોઈપણ સારૂં કામ નથી કર્યું એવા માણસોને અસાધારણ પ્રમાણમાં સુખવૈભવો પ્રાપ્ત થતા જોઈ સામાન્ય માણસને અજાયબી થાય છે. અને એ તુરત માની લે છે કે "પાપ-પુણ્ય, શ્રેય-અશ્રેય એ બધું કલ્પના છે હકીકતમાં પ્રારબ્ધ જેવી કોઈ વસ્તુ જ નથી."

પરંતુ એમની એ માન્યતા ખોટી છે પૂર્વજન્મનાં શુભ કર્મના ફળરૂપે આ જન્મમાં અધમ આચરણ કરનારને પણ સુખ-વૈભવ મળે છે, આ એક "બેન્ક બેલેન્સ" જેવી સીધી સાદી અને સમજાય એવી વાત છે. આગલી પૂંજી ખૂટે નહિં ત્યાં સુધી ગમે તેવી ઉડાઉગીરી પણ નભે છે પૂર્વનાં સત્કર્મનું ફળ ઉદયમાં વર્તે છે ત્યાસુધી વર્તમાન કાળના ગમે તેવાં કર્મવાળો માણસ પણ દુઃખી થતો નથી અને દીવામા દીવેલ ખુટ્યા પછી એ આપોઆપ બુઝાઈ જાય, તેવી રીતે સત્કર્મસંચય પૂરો થયા પછી માણસને એનાં દુષ્કર્મનો પ્રભાવ આપડે છે.

કર્મની ગતિ ઘણી ગહન છે. કર્મના ભોગવવારૂપ

આયુષ્યના ખેલ લગભગ દરેક માણસ માટે નજરે જોયેલો અહેવાલ હોય છે. માણસનું ભાગ્ય ક્યારે પલટો લેશે. સુખ અને દુ:ખના તડકા-છાંયામાંથી પસાર થઈ રહેલ માનવ જીવનના ક્યારે સુખની શીતલતા કે દુ:ખનો દાવાનલ આવી પડશે તે કોઈ જાણતું નથી એટલા માટે જ ભાવિની વિચિત્રતા અસમય કહી છે આ ભાવિ માણસના કર્મમાંથી સર્જાય છે

જીવની માનસિક-વાચિક અને કાયિક પ્રવૃત્તિથી. અઢારમા અદૃશ્યરૂપે રહેલ સૂક્ષ્માતિસૂક્ષ્મ અમુક પ્રકારની રજકણોનો સમૂહ આકર્ષાઈ જીવના આત્મપ્રદેશો સાથે ક્ષીર-નીરવત્ સંલગ્ન બની જાય છે. સંલગ્ન બની રહેલા તે રજકણ સમૂહોમાં તે સમયે જ વિવિધ સ્વભાવનું નિર્માણ થાય છે તે સમયે તેજ જીવના માનસિકપણે વર્તતા કામ-ક્રોધાદિ કષાયોની પ્રચુરતા યા મંદતાના હિસાબે તે રજકણોના નિર્મિત સ્વભાવોના તીવ્રતા યા મંદતા પરિણમે છે અર્થાત્ સ્વભાવની તાકાત-પાવર ઉદ્ભવે છે.

પરંતુ દ્રષ્ટિકોણ શુભ યા શુદ્ધ હોવાથી તે સંયોગો પ્રત્યે અરૂચિ, વિરાગ હોય.)

(૪) જ્યાં બાહ્ય પુરૂપાર્થ અને અભ્યંતર પુરૂપાર્થ બન્ને અશુભ હોય. (પાપભીરૂતા વિનાના અજ્ઞાની જીવોથી થતા દુષ્કૃત્યો)

આમાંનો પ્રથમ પુરૂપાર્થ તે સંસારપરિભ્રમણ ઘટવા દ્વારા પરંપરાએ આત્માના અનંત ચતુષ્કગુણોની સંપૂર્ણ પ્રાપ્તિ થવા સૂચક છે.

બીજા પ્રકારનો પુરૂપાર્થ તે મોક્ષસાધક નહિં બનતાં સંસારવર્ધક ભૌતિક સામગ્રીની અમુક સમય પૂરતી અનુકુળતા પ્રાપ્ત થવા દ્વારા આત્માનો અભ્યંતર પુરૂપાર્થ દોપિત બની આત્માને સંસારપરિભ્રમણ દ્વારા દુઃખ પ્રાપ્તિનો સૂચક છે.

ત્રીજા પ્રકારનો પુરૂપાર્થ તે અમુક સમય પૂરતી જ ભૌતિક પ્રતિકુળતા પ્રાપ્ત થવા છતા અભ્યંતર પુરૂપાર્થની શુદ્ધિનું અસ્તિત્વ ટકી રહેવા દ્વારા આત્મોન્નતિ થતી રહેવાનો સૂચક છે

ચોથા પ્રકારનો પુરૂપાર્થ તે સંસારિક ભૌતિક સામગ્રીની પ્રતિકુળતા પ્રાપ્ત થવા સાથે સંસારપરિભ્રમણની પણ વૃદ્ધિ સૂચક છે

વિષયનો વિરાગ, ભવનિર્વેદ, અનિત્યાદિ બાર ભાવનાઓમા રમણતા, કપાયની મંદતા એ શુદ્ધ ઉપયોગ તે શુદ્ધ અભ્યતર પુરૂપાર્થ સ્વરૂપ છે.

અભેદરૂપે છે. જેવી રીતે સુવર્ણમાં પીળાપણું, ગુરૂતા, સ્નિગ્ધતા, તે કાર્યધર્મે કરી ત્રણ પ્રકારે છે. પરંતુ કોઈ સમયે તે ત્રણે ભિન્ન હોતા નથી. ત્રણેનું હોવાપણું પ્રતિસમય સુવર્ણમાં અભિન્ન છે. તેવી રીતે જીવના સર્વગુણ ભિન્ન ભિન્ન કાર્ય કરતા હોવા છતાં વસ્તુધર્મથી ભિન્ન નથી. દરેકનું કાર્ય ભિન્ન હોવા છતાં અભેદ છે. આ દરેક ગુણો ન્યૂનાધિકપણે પણ આવરણોથી આચ્છાદિત હોવા છતા દરેકનાં આવરણો ભિન્ન ભિન્ન જાતિનાં છે. જેથી દરેકના ઔદયિકાદિ ભાવો પણ ભિન્ન ભિન્ન છે. જેમકે જ્ઞાન ગુણનો ક્ષયોપશમ ભાવ હોય તેમ દર્શન ગુણનો પણ ક્ષયોપશમભાવ હોય એ રીતે દરેક ગુણના ભાવો અંગે સમજી લેવું. આ બાબતને અનુલક્ષીને જ ક્ષયોપશમાદિ ભાવોના વિવિધ પ્રકારો દર્શાવ્યા છે. આત્મામાં એક સમયે જ વર્તતા આ વિવિધ ભાવોના હિસાબે પ્રતિસમય આત્મા, એક કરતાં પણ વધુ સંખ્યા પ્રમાણ પર્યાયી હોઈ શકે છે. જેમ ગુણસ્થાનક એ જીવના પર્યાય સૂચક છે, તેમ આ પુસ્તકના છેલ્લા પ્રકરણમા બતાવેલ ભાવો પણ જીવના વિવિધ પર્યાયસૂચક છે. પરંતુ ગુણસ્થાનક સ્વરૂપ વિકાસક્રમ, આત્માના સમ્યકત્વ અને ચારિત્ર ગુણસ્વરૂપ વિવિધ પર્યાયને જ અનુલક્ષીને છે. સર્વ ગુણો ક્ષાયિકભાવે પ્રકટ કરવા માટે આત્માનો પુરૂષાર્થ મુખ્યત્વે કરીને તો સમ્યકત્વ અને ચારિત્રને ક્ષાયિકભાવે પ્રકટ કરવાનો હોવો જોઈએ પરંતુ તે બન્ને ગુણો સીધા સીધા ક્ષાયિકભાવે પ્રકટ નહિ થતા તેની પૂર્વભૂમિકા સ્વરૂપ પ્રથમ ઉપશમ અને

ઉપશાત કષાય (મોહ) (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગી કેવલી (૧૪) અયોગી કેવલી

મિથ્યાદર્શન નામે કર્મના ઉદયથી જીવ મિથ્યા તત્ત્વને વિષે શ્રદ્ધા રાખી રહે, સત્ય તત્ત્વની જિજ્ઞાસા ન રાખે તે મિથ્યાદ્રષ્ટિ નામે પ્રથમ ગુણસ્થાનક છે.

મિથ્યાદર્શન કર્મનો ઉદય ન હોય પણ અનતાનુબધી કર્મના ઉદયથી જીવને સમ્યગ્દર્શન ન હોય ત્યારે સમ્યગ્-દર્શનથી પતિત અવસ્થામા સાસ્વાદન નામે બીજુ ગુણ-સ્થાનક છે.

સમ્યગ્-મિથ્યાત્વ (મિશ્ર) નામે કર્મના ઉદયથી જીવનું દર્શન કેટલેક અંશે મલીન અને કેટલેક અશે શુદ્ધ હોય તે મિશ્ર નામનુ ત્રીજું ગુણસ્થાનક છે.

અપ્રત્યાખ્યાન કષાયના ઉદયને લીધે જીવ સમ્યકત્વ સયુક્ત હોવા છતા અવિરતિ રહે તે અસયત નામનું ચોથુ ગુણસ્થાનક છે

પ્રત્યાખ્યાન કષાયના ઉદયથી જીવ કેટલેક અશે સંયત અને કેટલેક અશે અસંયત રહે છે, તે દેશવિરતિ નામનું પાચમું ગુણસ્થાનક છે

પ્રત્યાખ્યાન કષાયનો ઉદય ક્ષીણ થવાથી જીવ સંપૂર્ણ-પણે સંયત બને, છતા એમાં પ્રમાદ રહી જાય તે પ્રમત્ત નામનું છઠ્ઠું ગુણસ્થાક છે.

એ પછી સંજ્વલન નામે કષાય મંદ થવાથી પૂર્ણસંયત

ઉપશાત કપાય (મોહ) (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગી કેવલી (૧૪) અયોગી કેવલી

મિથ્યાદર્શન નામે કર્મના ઉદયથી જીવ મિથ્યા તત્ત્વને વિષે શ્રદ્ધા રાખી રહે, સત્ય તત્ત્વની જિજ્ઞાસા ન રાખે તે મિથ્યાદૃષ્ટિ નામે પ્રથમ ગુણસ્થાનક છે.

મિથ્યાદર્શન કર્મનો ઉદય ન હોય પણ અનતાનુબધી કર્મના ઉદયથી જીવને સમ્યગ્દર્શન ન હોય ત્યારે સમ્યગ્‌દર્શનથી પતિત અવસ્થામા સાસ્વાદન નામે બીજુ ગુણસ્થાનક છે

સમ્યગ્‌-મિથ્યાત્વ (મિશ્ર) નામે કર્મના ઉદયથી જીવનું દર્શન કેટલેક અંશે મલીન અને કેટલેક અંશે શુદ્ધ હોય તે મિશ્ર નામનું ત્રીજું ગુણસ્થાનક છે.

અપ્રત્યાખ્યાન કપાયના ઉદયને લીધે જીવ સમ્યક્‌ત્વ સયુક્ત હોવા છતા અવિરતિ રહે તે અસયત નામનું ચોથુ ગુણસ્થાનક છે.

પ્રત્યાખ્યાન કપાયના ઉદયથી જીવ કેટલેક અંશે સયત અને કેટલેક અશે અસંયત રહે છે, તે દેશવિરતિ નામનું પાચમું ગુણસ્થાનક છે

પ્રત્યાખ્યાન કપાયનો ઉદય ક્ષીણ થવાથી જીવ સંપૂર્ણપણે સયત બને, છતાં એમાં પ્રમાદ રહી જાય તે પ્રમત્ત નામનુ છઠ્ઠું ગુણસ્થાક છે.

એ પછી સંજ્વલન નામે કપાય મદ થવાથી પૂર્ણસંયત

જતો નથી, પણ પાણીની સપાટી ઉપર તરે છે, તેમ ચૌદ ગુણસ્થાનકથી પર થયેલો આત્મા નિખિલ કર્મ સાથેના સંસ્પર્શથી અલગ થઈ લોકાકાશના શિખરે સિદ્ધ શિલાની ઉપર બિરાજે છે. ત્યાં એ અનંત-નિત્ય સુખ ભોગવે છે, એની સુભગ શાંતિમાં કશાથી ભંગ થતો નથી, મોહ અને તેની ઘટમાળમાં એ ફરી પડતો નથી. એની શક્તિ અને જ્ઞાન છતાં પણ સંસારમાથી શુદ્ધ થયેલો તે આત્મા ફરી ભૌતિક સંબંધ બાંધતો નથી.

ક્ષયોપશમથી વર્તતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ અને ક્ષયોપશમ ચારિત્ર એ આત્મવિકાસનો ઉચ્ચ લાભ છે મોહનીયકર્મના ઉપશમથી વર્તતાં ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર એ આત્મવિકાસનો ઉચ્ચતર લાભ છે. અને મોહનીયકર્મના ક્ષયથી વર્તતા ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર એ આત્મવિકાસનો ઉચ્ચતમ લાભ છે.

અનાદિકાળથી જીવમા ક્ષયોપશમ સ્વરૂપે વર્તતાં જ્ઞાન–દર્શન અને દાનાદિને ક્ષાયિકભાવનું ચારિત્ર જ અંતર્મુહૂર્ત માત્રમા ક્ષાયિક ભાવ સ્વરૂપે બનાવી જીવમા અનતજ્ઞાન, અનંતદર્શન, અને અનતવીર્યને પ્રગટ કરાવે છે. ત્યારબાદ જ ઔદયિકસ્વરૂપે વર્તતાં અન્ય અઘાતી કર્મો બિલકુલ શક્તિહીન બની જઈ અંતર્મુહૂર્ત કાળમા યા તો વધુમા વધુ પૂર્વકોટિ વર્ષમા કંઈક ન્યૂનકાળે આત્માથી સંપૂર્ણપણે અલગ પડી જાય છે. એ રીતે આત્મા શાશ્વત સુખનો ભોક્તા બને છે. પરંતુ ક્ષાયિકભાવના ચારિત્રની પ્રાપ્તિ તો ક્ષાયિક સમ્યક્ત્વથી જ થાય છે અને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રગટતા તે ક્ષયોપશમ સમક્તિમાંથી થાય. ક્ષયોપશમ સમકિત તે દર્શનમોહનીયના ક્ષયોપશમથી થાય. એટલે દર્શનમોહનીયના ક્ષયોપશમથી વર્તતું સમ્યક્ત્વ તે ક્ષયોપશમ સમકિત કહેવાય. સંસારચક્રમા જીવને પહેલવહેલું તો ઉપશમ સમકિત થાય છે. તે ઉપશમ સમકિતની પ્રાપ્તિ દર્શનમોહનીય (મિથ્યાત્વ મોહનીય) કર્મના ઉપશમથી થાય છે ઉપશમ સમકિતના કાળમાં જીવ, મિથ્યાત્વ મોહનીય

દબાઈ જવાથી એટલે વિપાક અને પ્રદેશરૂપપણાએ એમ બન્ને પ્રકારના ઉદયના ઉપશમથી પ્રકટ થયેલ જે જીવસ્વભાવ તે ઔપશમિક ભાવ છે. તેના બે ભેદ છે. ૧. ઉપશમ સમ્યક્ત્વ અને ૨. ઉપશમ ચારિત્ર.

૨. ક્ષાયિક ભાવ—કર્મનો અત્યંત ઉચ્છેદ (ક્ષય) થવાથી પ્રકટ થયેલ જીવસ્વભાવ તે ક્ષાયિક ભાવ છે તેના નવ ભેદ છે દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય. એ પાંચની પૂર્ણલબ્ધિ, તથા ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, કેવળજ્ઞાન, અને કેવળદર્શન એ નવભેદ આમાં ફક્ત ઘાતિ-કર્મ આશ્રિત ક્ષાયિકો લેવાયા છે

૩. ક્ષાયોપશમિક ભાવ—ઘાતિકર્મોના ક્ષયોપશમથી જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તે ' ક્ષાયોપશમિક ભાવ " છે તેના અઢાર ભેદ છે દાનાદિ પાંચ લબ્ધિ, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન, ચાર જ્ઞાન, ક્ષયોપશમ સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વ વિરતિ ચારિત્ર એ અઢાર ભેદ છે અહિં મતિજ્ઞાન તથા મતિઅજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા શ્રુતઅજ્ઞાન, અવધિજ્ઞાન તથા વિભંગજ્ઞાન અને મનપર્યવજ્ઞાન એમ સાત ભેદો જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી આશ્રિત છે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એમ ત્રણ ભેદો તે દર્શનાવરણ કર્મના ક્ષયો-પશમથી આશ્રિત છે ક્ષયોપશમ સમ્યક્ત્વ તે દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી આશ્રિત છે દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્ય એ પાંચ લબ્ધિયો અંતરાય કર્મના ક્ષયોપશમથી

બાધિત છે. ઉદયમા આવેલ કર્મના તેને ભોગવીને નાશ
કરવો અને જે ઉદયમા નથી આવ્યા પણ આવવાના છે
તેનો ઉપશમ કરવો તેને ક્ષયોપશમ કહેવાય છે. જ્ઞાનાદિ
ચારિત્રપર્યંત તે ક્ષાયિક અને ક્ષાયોપશમિક એમ બે પ્રકારના
હોઈ ક્ષાયિક ભાવમા તે ક્ષાયિકરૂપે સમાયેલ છે, અને [illegible]
પશમિક ભાવમા તે ક્ષાયોપશમિકરૂપે છે તેવી રીતે [illegible]
દર્શન અને ચારિત્ર તે ઔપશમિક ક્ષાયિક અને [illegible]
એમ ત્રણ પ્રકારના હોઈ ઔપશમિક ભાવમા તે [illegible]
તથા ચારિત્રને ઔપશમિક રૂપે, ક્ષાયિક ભાવમા [illegible]
અને ક્ષાયોપશમિક ભાવમા ક્ષાયોપશમિક [illegible]

તો ઉપલક્ષણ માત્ર હોવાથી તે સિવાય બીજી પણ જીવની કેટલીક અવસ્થાઓ ઔદયિક ભાવમાં લેવાય છે. તે આ પ્રમાણે છે:

દર્શનાવરણ સમુદ્ભૂત નિદ્રાદિપંચક, વેદનીયકર્મ આશ્રિત સુખ-દુઃખ, મોહનીયજનિત હાસ્યાદિ છ, આયુષ્ય કર્મસંભૂત ચાર આયુષ્ય, નામકર્મની સર્વપ્રકૃતિ અને ગોત્રોદય જન્ય ઉચ્ચાનુચ્ચ ગોત્ર એ બધાંય ઔદયિક ભાવમાં સમજવાનાં છે. આ બધી જીવની અવસ્થાઓનો ઉપરોક્ત એકવીશમાં પણ સમાવેશ કરી લેવાય છે અને તે આ રીતે—

'અજ્ઞાન'નું ગ્રહણ કરવાથી નિદ્રાદિપંચક પણ ખેંચી શકાય છે કેમકે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને દર્શન મોહનો ઉદય અજ્ઞાનનું કારણ છે 'ગતિ' ગ્રહણ કરવાથી શેષ નામભેદો, ગોત્ર, વેદનીય અને આયુષ્ય એ સર્વનો સમાવેશ કરી શકાય છે કેમકે આયુષ્ય, જાત્યાદિનામ, ગોત્ર અને વેદનીય એમાંથી એકનો પણ અભાવ હોય તો ગતિનો સંભવ નથી કારણ કે એ કર્મો ભવધારણમા કારણ છે. 'વેદ' ગ્રહણ કરવાથી હાસ્યાદિ છ પણ લઈ શકાય છે. કેમકે તે વેદોપગ્રહકારક છે. અથવા કષાયના નિર્દેશમાં હાસ્યાદિ નોકષાયોનો સમાવેશ થઈ શકે છે કેમકે નોકષાયો કષાયસહવર્તી હોય છે.

૫. પારિણામિકભાવ—જેને લઈને મૂળ વસ્તુમા કોઈ પ્રકારનું પરાવર્તન ન થાય એવો જીવ તથા ધર્માસ્તિ-

કાયાદિ દ્રવ્યોમાં રહેલ જે સ્વત સિદ્ધ સ્વભાવ તે પારિ-
ણામિક ભાવ છે. આત્મસ્વરૂપ જીવત્વ, અને આત્માની
વિશેષસ્થિતિરૂપ ભવ્યત્વ તથા અભવ્યત્વ એ ત્રણ [illegible]
પારિણામિક ભાવ છે.

ઔપશમિકભાવ તે મોહનીય કર્મને વિષે જ [illegible].
અન્યત્ર નહિ

ક્ષાયોપશમિક ભાવ તે ચાર ઘાતિકર્મને વિષે જ [illegible]
જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ
ચાર ઘાતીકર્મ છે.

બાકીના ત્રણ તે ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક
ભાવ તો આઠે કર્મને વિષે હોય

૪. ઔપશમિક—ક્ષાયોપશમિક–ઔદયિક–પારિણામિક (ચતુઃ સંયોગી). આ ભાંગો ઔપશમિક સમ્યક્ત્વ ધારકને અને ઔપશમિક સમ્યક્ત્વચારિત્રોભય ધારકને હોય.

૫. ક્ષાયિક–ક્ષાયોપશમિક–ઔદયિક–પારિણામિક (ચતુઃ સંયોગી). આ ભાંગા ઉપશમશ્રેણિ વગરના છદ્મસ્થ ક્ષાયિક સમ્યક્ત્વધારકને અને છદ્મસ્થ ક્ષાયિક સમ્યક્ત્વચારિત્રોભય ધારકને હોય છે.

ઔપશમિક સમ્યક્ત્વધારક ચારે ગતિઓમાં હોઈ શકે અને ઔપશમિક સમ્યક્ત્વચારિત્રોભયધારક કેવળ મનુષ્ય ગતિમા જ હોય. એમ એ બધામાં ઔપશમિક–ક્ષાયોપશમિક–ઔદયિક–પારિણામિક ચતુ.સંયોગી ભાંગો ઉત્પન્ન થાય.

ક્ષાયિકસમ્યક્ત્વ પણ ચારે ગતિઓમા સંભવે. એટલે દેવ, નરક અને તિર્યંચ એ ત્રણ ગતિઓમાંના ક્ષાયિક સમ્યક્ત્વીઓમાં અને ઉપશમશ્રેણી વગરના અથવા અગિયારમા ગુણસ્થાનક વગરના છદ્મસ્થ ક્ષાયિકસમ્યક્ત્વી મનુષ્યો તથા ક્ષાયિકસમ્યક્ત્વચારિત્રોભયધારક છદ્મસ્થ મનુષ્યોમાં ક્ષાયિક–ક્ષાયોપશમિક–ઔદયિક અને પારિણામિક એ ચતુઃ સંયોગી ભાગો પમાય છે. આમ બન્ને પ્રકારના ચતુઃ સંયોગી ભાગા ચારે ગતિઓમા પ્રાપ્ત થાય.

૬. ઔપશમિક–ક્ષાયિક–ક્ષાયોપશમિક–ઔદયિક–પારિણામિક (પંચસંયોગી) એ પંચસંયોગી ભાગો ઉપશમશ્રેણી વાળીમા જ પ્રાપ્ત થાય છે. પણ તે અવસ્થામાં ક્ષાયિક-

સમ્યક્ત્વ હોય તો જ. એટલે ક્ષાયિક ભાવે સમ્યક્ત્વ ઔપશમિક ભાવે ચારિત્ર, ક્ષાયોપશમિક ભાવે ઇંદ્રિયો, ઔદયિક ભાવે મનુષ્યગતિ અને પારિણામિક ભાવે જીવત્વાદિ એમ પાંચ ભાવોનો સંયોગ તે અગિયારમા ગુણસ્થાનકે વર્તતા ક્ષાયિક સમ્યક્ત્વવંતને જ હોય.

આ પ્રમાણે એક દ્વિકસંયોગી, બે ત્રિકસંયોગી, બે ચતુઃસંયોગી અને એક પંચસંયોગી મળીને છ સાંનિપાતિક ભાવો જીવના સંભવિત હોય છે. આ સંભવિત છ [illegible] (૧) ક્ષાયોપશમિક ઔદયિક અને પારિણામિક એ [illegible] તથા (૨) ઔપશમિક ક્ષાયોપશમિક [illegible] એ ચતુઃસંયોગી તથા (૩) ક્ષાયિક ક્ષાયોપશમિક [illegible] પારિણામિક એ ચતુઃસંયોગી એ પ્રમાણે [illegible] ગતિમાં સંભવતી [illegible] અને [illegible] મળીને [illegible] સાંનિપાતિક [illegible]

ત્રણ ભાવો તો સૂક્ષ્મ નિગોદ સુદ્ધાં ધરાવે છે. કેમકે તેમને સ્પર્શેન્દ્રિય રૂપ ક્ષાયોપશમિકભાવ, તિર્યંચ ગતિ આદિ રૂપ ઔદયિકભાવ અને જીવતત્વાદિરૂપ પારિણામિકભાવ એમ ત્રણ ભાવો છે. આ હિસાબે કોઈપણ માર્ગણાવર્તી જીવમાં ઉપરોક્ત ત્રણ ભાવ તો અવશ્ય હોય. શેષ ક્ષાયિક તથા ઔદયિક ભાવની ભજના હોવાથી જ્યાં જ્યાં તે બે ભાવોનો સંભવ હોય ત્યાં ત્યાં પાંચ ભાવો સમજવા.

ગુણઠાણામાં ભાવો—એક જીવને સમ્યક્ત્વાદિ ૪-૫-૬-૭ આ ચાર ગુણઠાણે ત્રણ અથવા ચાર ભાવ હોય. ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક તથા ક્ષાયિક અગર ઔપશમિક એમ ચાર. ત્યાં ઔદયિકે ગત્યાદિ, ક્ષાયોપશમિક ભાવે ઇંદ્રિય, અને પારિણામિકે જીવત્વ હોય. અહિ ત્રણ ભાવ હોય ત્યારે સમ્યક્ત્વ પણ ક્ષાયોપશમિક ભાવે સમજવું. પરંતુ સમ્યક્ત્વ જો ક્ષાયિક કે ઔપશમિક હોય ત્યારે ક્ષાયિક સહિત ચાર અગર ઔપશમિક સહિત ચાર ભાવ આ ચાર ગુણઠાણે હોય. સમ્યક્ત્વને લગતો ક્ષાયોપશમિક ભાવ જો અહિં ન હોય તો પણ ઇન્દ્રિયાદિ અને દેશવિરતિ કે સર્વવિરતિ પણ ક્ષાયોપશિક ભાવનું હોવાથી ક્ષાયોપશમિક ભાવ તો હોય જ છે. વળી સમગ્ર છદ્મસ્થ જીવોને પહેલાથી લઈ બારમા ગુણ-સ્થાનક સુધી ઇન્દ્રિયાદિરૂપ પણ ક્ષાયોપશમિક ભાવ તો હોય જ.

નવમા અને દશમા ગુણઠાણે ચાર ભાવો હોય. અહિં ઔદયિકભાવે ગતિ આદિ, ક્ષાયોપશમિક ભાવે ઇન્દ્રિયાદિ, પારિણામિકભાવે જીવત્વાદિ એમ ત્રણ ભાવો ઉપરાંત સમ્યક્ત્વ

જો ઔપશમિક ભાવનું હોય તો ઔપશમિક સહિત આઠ ભાવ. અને સમ્યક્ત્વ જો ક્ષાયિક ભાવનું હોય તો ક્ષાયિક સહિત આઠ ભાવ જાણવા આ ગુણઠાણે ક્ષપકશ્રેણી કરનારા તો ક્ષાયિક સમ્યક્ત્વી જ હોય પણ ઉપશમશ્રેણિ કરનારા [illegible] ક્ષાયિક સમ્યક્ત્વી પણ હોય અને ઔપશમિક [illegible] હોય વળી કેટલાકના મતે ઉપશમશ્રેણિવાળાને ક્ષાયિક [illegible] અને દશમે ગુણઠાણે પણ ઔપશમિક [illegible] મતે ક્ષાયિકસમ્યક્ત્વી ઉપશમશ્રેણિવાળાને આ [illegible] ક્ષાયિક, ક્ષાયોપશમિક પારિણામિક ઔપશમિક [illegible] એ પાંચ ભાવ ગણાય

ભાવના છે જેથી સયોગી અને અયોગી કેવળીને ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક એ ત્રણ ભાવો હોય.

હવે અનેક જીવની અપેક્ષાએ વિચારીએ તો ચોથાથી સાતમા ગુણઠાણા સુધીમા સમ્યક્ત્વ તો ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારનું હોઈ શકવાથી પાંચ ભાવો લાભી શકે. આઠમાથી અગિયારમા ગુણઠાણા સુધીમા તો સમ્યક્ત્વ તે ઔપશમિક અને ક્ષાયિક એમ બે પ્રકારનું જ હોવાથી તે ગુણસ્થાક્વર્તીમા સમ્યક્ત્વ વિષયક ક્ષાયોપશમિક ભાવ તો ન જ હોય પણ તે ગુણઠાણે ચારિત્ર અને ઇન્દ્રિયાદિ ક્ષાયોપશમિક ભાવે હોવાથી ત્યા પણ ભાવો તો પાંચે છે અગિયારમામાં તો ઔપશમિક જ ચારિત્ર હોય છે એટલે ત્યા ક્ષાયોપશમિક ભાવ તે ઇન્દ્રિયાદિ અગે જ સમજવો

ક્ષીણમોહ ગુણઠાણે ઔપશમિક ભાવ મુદ્દલ ન હોય. એટલે ત્યા ચાર જ ભાવો હોય છેલ્લા બે ગુણસ્થાનકમાં તો ક્ષાયોપશમિક અને ઔપશમિક બન્ને ભાવો નહિ હોવાથી ત્રણ જ ભાવ સમજવા આ પ્રમાણે અનેક જીવો આશ્રયી ભાવોનુ અસ્તિત્વ સમજવું.

ગુણસ્થાનોમાં ક્ષાયોપશમિક ભાવના ભેદો- પ્રથમના બે ગુણસ્થાનોમાં ત્રણ અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને દાનાદિ પાંચ લબ્ધિ મળી દશ ભેદો હોય

મિશ્ર ગુણસ્થાને પ્રથમનાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન, દાનાદિ પાચ લબ્ધિ, અને મિશ્ર સમ્યક્ત્વ એમ કુલ બાર

ભેદ હોય. જો કે આ ગુણસ્થાને યથાસ્થિત વસ્તુતત્ત્વનો નિર્ણય
નથી, તોપણ અહીં વર્તતું જ્ઞાન તે બિલકુલ અજ્ઞાનરૂપ [illegible]
જ્ઞાન-અજ્ઞાન મિશ્રસ્વરૂપ હોય છે. માટે તેના મિશ્ર[illegible]
અધિકતા હોય ત્યારે અજ્ઞાનની બહુલતા અને [illegible]
અધિકતા હોય ત્યારે જ્ઞાનબાહુલ્ય વર્તે છે. સિદ્ધાન્ત [illegible]
બાહુલ્યની વિવક્ષાએ મિશ્રગુણસ્થાનમાં જ્ઞાનત્રય [illegible]
[illegible] વળી કર્મગ્રંથના અભિપ્રાયે મિશ્ર ગુણ[illegible]
[illegible] સિદ્ધાન્તના અભિપ્રાય [illegible]
[illegible] ભાવના ભેદમાં "મિશ્ર" [illegible]
[illegible] જ્ઞાનત્રય [illegible]
[illegible]
[illegible]
[illegible] "મિશ્ર" [illegible]
[illegible]

ગુણઠાણે ચૌદ ભેદો ક્ષાયોપશમિક ભાવના થાય.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ સાતમા ગુણઠાણાથી આગળના ગુણઠાણે ન હોય. જેથી ઉપરોક્ત ચૌદ ભેદોમાંથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ઓછું કરતાં તેર ભેદો આઠમા, નવમા અને દશમા ગુણઠાણે હોય

ક્ષાયોપશમિક ચારિત્ર પણ દશમા ગુણઠાણાથી આગળ ન હોય. અગિઆરમે ગુણઠાણે ઔપશમિક અને બારમા ગુણઠાણે ક્ષાયિકચારિત્ર હોય, માટે ઉપરોક્ત તેર ભેદોમાથી ક્ષાયોપશમિક ચારિત્ર ઓછું ગણતાં બાર ભેદ ક્ષાયોપશમિક ભાવના, અગિઆરમા અને બારમા ગુણઠાણે જાણવા.

તેરમા અને ચૌદમા ગુણઠાણામાં તો ક્ષાયોપશમિક ભાવ બિલકુલ હોય જ નહિ

ગુણસ્થાનોમાં ઔદયિક ભાવના ભેદો:-મિથ્યાત્વ–ગુણઠાણે ઔદયિક ભાવના એકવીસ ભેદો પ્રાપ્ત થાય છે.

સાસ્વાદન ગુણઠાણે મિથ્યાત્વ વિના ૨૦ ભેદ પ્રાપ્ત થાય છે.

મિશ્ર ગુણસ્થાને મિથ્યાત્વ અને અજ્ઞાન વિના ૧૯ ભેદ હોય છે.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને પણ ઉપર મુજબ ૧૯ ભેદો હોય છે. ત્રણ વેદ, ચાર કષાય, ચાર ગતિઓ, ૭ લેશ્યા, અસંયમ, અને અસિદ્ધત્વ.

દેશવિરતિમાં ઉપરોક્ત ૧૯માંથી દેવગતિ અને નરકગતિ કાઢી નાંખતાં શેષ ૧૭ ભેદો ઔદયિક ભાવના હોય છે

પ્રમત્ત ગુણઠાણે ઉપ[illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
લેશ્યા અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અપ્રમત્ત ગુણઠાણે [illegible] [illegible]
હોવાથી ત્રણ [illegible] [illegible] [illegible] [illegible]
લેશ્યા અને [illegible] [illegible] [illegible] [illegible]

આઠમા અને નવમા [illegible] [illegible]
લેશ્યા [illegible] [illegible] [illegible]
[illegible] લેશ્યા અને [illegible]

અનિવૃત્તિ ગુણસ્થાનમા—૨૭ ભેદો. (ઔદ૦ ૧૦, ક્ષાયો૦ ૧૩, ઔપશમિકનો ૧, ક્ષાયિકનો ૧, પારિણામિકના ૨.)

સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનમા—૨૧ ભેદો. (ઔદ૦ ૪, ક્ષાયો૦ ૧૩, ઔપશમિકનો ૧, ક્ષાયિકનો ૧, પરિણામિકના બે.)

ઉપશાન્તમોહ ગુણસ્થાનમાં—૨૦ ભેદો. (ઔદ૦ ૩, ક્ષા૦ ૧૨, ઔપશમિકના બે, ક્ષાયિકનો ૧, પારિણામિકના બે.)

ક્ષીણમોહ ગુણસ્થાનમા—૧૯ ભેદ (ઔદ૦ ૩, ક્ષાયો૦ ૧૨, ક્ષાયિકના–બે, પારિણામિકના–બે)

સયોગી કેવળી ગુણઠાણામાં—૧૩ ભેદ. (ઔદ૦ ૩, ક્ષાયિકના ૯, પારિણામિકનો ૧.)

અયોગી કેવળી ગુણઠાણામા—૧૨ ભેદ. (ઔદ૦ ૨, ક્ષાયિકના ૯, પારિણામિકનો ૧.)

આમા નવમા–દશમા ગુણસ્થાનોમાં ઔપશમિક ચારિત્ર માનીએ તો ત્યા ઔપશમિકભાવના બે ભેદ, અન્યથા એક ભેદ સમજવો

ભાવોમાં ચતુર્ભંગી—ઔપશમિક આદિ ભાવોનો સાદિ–સાન્ત, સાદિ–અનન્ત, અનાદિ–સાન્ત, અને અનાદિ–અનંત એમ ચાર ભાંગા પૂર્વક વિચાર કરવાથી જીવને કર્તવ્ય અને અકર્તવ્યનો ખ્યાલ પેદા થાય છે.

ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર એ ઔપશમિક ભાવના બન્ને ભેદો સાદિ-સાન્ત છે [illegible] [illegible] સમ્યક્ત્વ તથા ચારિત્ર તો મોહના ક્ષયથી જ પ્રગટ થતું હોવાથી તે સમ્યક્ત્વ તથા ચારિત્રને અનન્ત [illegible] મોહના ઉપશમથી પ્રગટ થતું સમ્યક્ત્વ અને ચારિત્ર તો અન્તે પડનારા જ હોઈ સાદિ-સાન્ત ભાંગે જ હોય [illegible]

ક્ષાયિક ભાવના તમામ ભેદો સાદિ અનન્ત [illegible] પ્રાપ્ત થયા પછી તેમાંથી પડવાનો સંભવ [illegible] નથી

ક્ષાયોપશમિક ભાવના મતિજ્ઞાન [illegible] જ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ચાર જ્ઞાનો [illegible] [illegible] સમ્યગ્દર્શનના ઉદય [illegible] [illegible] મિથ્યાત્વના ઉદય [illegible]

–અનન્ત, સાદિ–સાન્ત અને અનાદિ–અસાન્ત એ ત્રણ ભાંગા હોય.

પારિણામિક ભાવમાં જીવત્વ અને અભવ્યત્વ એ બે અનાદિ–અનંત છે અને ભવ્યત્વ તે અનાદિ–સાન્ત છે. કારણ કે ભવ્યત્વની અવધિ બારમા ગુણસ્થાન સુધી જ છે.

ઉપશમ અને ક્ષયોપશમની સમજ

કર્મના ઉદય, ક્ષયોપશમ અને ક્ષયથી પ્રાપ્ત થતી જીવની અવસ્થાને અનુક્રમે ઔદયિકાદિ ભાવસ્વરૂપે કહી. તેમાં કર્મનો ઉદય અને ક્ષય તો સમજી શકાય છે. પરંતુ કર્મનો ક્ષયોપશમ અને ઉપશમ એટલે શું? તેની સ્પષ્ટ સમજ આ પ્રમાણે છે.

કર્મનો ઉપશમ એટલે શું? મોહનીયકર્મ સત્તામાં હોવા છતાં તેના રસોદય અને પ્રદેશોદય એ બન્નેના વર્તતા અભાવને મોહનીયકર્મનો ઉપશમ કહેવાય છે. અહિં સ્વ-સ્વરૂપે વર્ત્તતા કર્મોદયને રસોદય અને અન્ય પ્રકૃત્તિમાં સંક્રમણ પામી પરસ્વરૂપે વર્ત્તતા કર્મોદયને પ્રદેશોદય કહેવાય છે.

કર્મનો ક્ષયોપશમ એટલે શું? ચારે ઘાતી કર્મના ઉદય સમયે સર્વઘાતી પ્રકૃત્તિમાં રસોદય નહિં વર્તતાં પ્રદેશોદય વર્તે તેને સર્વઘાતી પ્રકૃત્તિનો ક્ષયોપશમ કહેવાય છે. અને દેશઘાતી પ્રકૃતિઓમાં તે કર્મ જેવા તીવ્રરસે (સર્વ-ઘાતી રૂપે) બધાયું હોય, તેવા તીવ્રરસે ઉદયમાં ન આવતાં અતિમંદરસરૂપે (એટલે દેશઘાતી રસરૂપે) થઈ ઉદયમાં આવે

તે દેશકાળની પ્રકૃતિનો ઉપયોગમાત્ર કરાય છે, અને [illegible]
ગની પ્રકૃતિઓના જે પ્રતિકાર્ય કર્યા છે તે પ્રતિકાર્ય[illegible]
અર્થ "અવંશ્ય [illegible] પ્રતિકાર્યનો [illegible]
પરંતુ ભાષાંતર કર્યાં તે પોતાના [illegible]
તે ગ્રાહ્ય અથવા નિગ્રાહ્ય હોવાનું [illegible]
વળિ આવતા હૃદયની પણ પ્રતિમા [illegible]
રૂપ હૃદયમાં [illegible] અગ્રાહ્ય [illegible]

શમથી વર્તે છે. અગર તો દર્શનમોહનીય અને પહેલા આઠ કષાયના ક્ષયોપશમથી વર્તે છે, એમ પણ કહી શકાય. તત્ત્વાર્થરાજવાર્તિકમાં દેશવિરતિનો ક્ષયોપશમ ભાવ તે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની કષાય અષ્ટકના ક્ષયોપશમથી, પ્રત્યાખ્યાની તથા સંજ્વલન કષાય અષ્ટકના ઉદયથી, અને નવનોકષાયના યથાસંભવ ઉદયથી કહ્યો છે

સર્વવિરતિ—તે દર્શનમોહનીય તથા પહેલા બાર કષાયના ક્ષયોપશમથી વર્તે છે તત્ત્વાર્થરાજવાર્તિકમાં સર્વવિરતિનો ક્ષયોપશમભાવ પહેલા બાર કષાયના યથાસંભવ ઉદયથી કહ્યો છે આ પ્રમાણે જીવમા વર્તતા ક્ષયોપશમ ભાવના અઢાર ભેદો અંગે ઉપર મુજબ કર્મપ્રકૃત્તિઓનો ક્ષયોપશમ સમજવો અહિ કર્મપ્રકૃતિઓના ક્ષયોપશમ સમયે જે પ્રકૃતિઓના રસ સ્પર્દ્ધકોમાંથી સર્વઘાતીપણું ટળી જઈ દેશઘાતી સ્વરૂપે ઉદય વર્તે છે, તેને **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** કહેવાય છે આ ક્ષયોપશમમા ઉદય તો સ્વ-સ્વરૂપે જ હોય છે.

જે પ્રકૃતિઓ રસ સ્પર્દ્ધકોમાંના સર્વઘાતીપણાને દેશઘાતી સ્વરૂપે પલટાવીને સ્વસ્વરૂપે ઉદયમા નહિ વર્તતા પર સ્વરૂપે ઉદયમા વર્તે અર્થાત્ પ્રદેશોદય સ્વરૂપે ઉદયમાં વર્તે તેને **શુદ્ધ ક્ષયોપશમ** કહેવાય છે. આ રીતે કર્મપ્રકૃતિઓનો ક્ષયોપશમ બે રીતે હોય છે.

ઘાતી (દેશઘાતી અને સર્વઘાતી) પ્રકૃતિઓના રસ

[illegible]
[illegible] પ્રતિબિંબો [illegible]
[illegible] પ્રતિબિંબ [illegible]
[illegible] પ્રતિબિંબોના [illegible]
[illegible]
પ્રતિબિંબોના [illegible]
[illegible]

દેશઘાતીપણે ઉદયમાં વર્તતા હોય ત્યારે અવધિજ્ઞાન, અવધિ-
દર્શન અને મનઃપર્યવજ્ઞાન એ ત્રણે ગુણો ન્યૂનાધિકપણે પણ
પ્રગટપણે આત્મામાં અવશ્ય વર્તતા હોય છે. આવી રીતે ઘાતી
પ્રકૃતિઓના રસસ્પર્દ્ધકોનું દેશઘાતીપણે ઉદયમા વર્તવુ તેને
ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. અહિં તે પ્રકૃતિ-
ઓનો વિપાકોદય છે.

પ્રથમના બાર કષાય અને મિથ્યાત્વ મોહનીય કર્મના
વિપાકોદયમાં અર્થાત્ સ્વસ્વરૂપે વર્તતા ઉદયમાં તો તેના
રસસ્પર્દ્ધકો સર્વઘાતીપણે જ ઉદયમાં વર્તે છે. પરંતુ આ
કર્મોનાં દલિકો અન્ય પ્રકૃતિમાં સંક્રમી સ્વસ્વરૂપે ઉદયમાં
નહિં વર્તતાં પરસ્વરૂપે ઉદયમાં વર્તે છે, ત્યારે તે ઉદયને
પ્રદેશોદય કહેવાય છે. આ પ્રદેશોદયને શુદ્ધ ક્ષયોપશમ
કહેવાય છે. અહિં તે પ્રકૃતિનું સ્વસ્વરૂપ ટળી જવાથી તે
પ્રકૃતિવડે અવરાએલ ગુણ, આવરણરહિત બને છે.

કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીય પ્રકૃતિઓના
ઉદય સમયે તેના રસસ્પર્ધકો તે સર્વઘાતીપણે જ ઉદયમા
વર્તે છે અને તેનો ઉદય સદા સ્વસ્વરૂપે જ એટલે વિપા-
કોદયસ્વરૂપે જ હોય છે પ્રદેશોદય રૂપે હોઈ શકતો જ નથી.

સંજ્વલન ચાર કષાય અને નવનોકષાય તો વિપા-
કોદય સહિતપણે, અને વિપાકોદય રહિતપણે અર્થાત્
પ્રદેશોદયપણે પણ ક્ષયોપશમવાળા હોઈ શકે છે. માટે તેમાં
ઉદયાનુવિદ્ધક્ષયોપશમ અને **શુદ્ધક્ષયોપશમ** એમ બન્ને
પ્રકારે ક્ષયોપશમ બની શકે છે.

આ [illegible] સ્વરૂપ સમજવા [illegible]
[illegible] આત્માની વિચારણા [illegible]
[illegible]
આત્મદશાને [illegible]
[illegible]
[illegible]
[illegible]

વિવિધ સંજ્ઞાધારક પ્રકૃતિઓની સફળતા તે મોહની સફળતાના જ આધારે હોઈ મનુષ્યે પોતે મોહથી વર્તતા ઔદયિક ભાવમાંથી અર્થાત્ રાગ–દ્વેષમાંથી મુક્ત બની રહેવા પ્રયત્નશીલ બનવું જોઈએ. આ ઔદયિકભાવથી મુક્ત બનવાની સફલતા તે ઉપશમ–ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવને જ અવલંબીને છે.

મોહથી વર્તતા ઔદયિક ભાવમાં આત્માનુ અધઃપતન છે. જ્યારે મોહના પાશમાંથી સર્વથા મુક્ત બનવાથી પ્રાપ્ત ક્ષાયિકભાવમાં આત્મોત્ક્રાન્તિની પરાકાષ્ટા છે. પરંતુ આત્મોત્ક્રાન્તિની તે પરાકાષ્ટાના શિખરે પહોચાડનાર પૂર્વની ભૂમિકા સ્વરૂપ તો ઉપશમ અને ક્ષયોપશમ ભાવો છે. આ ભાવો તે આત્માના અભ્યંતર પુરૂષાર્થ સ્વરૂપ હોઈ તેને ઉપયોગધર્મ તરીકે ઓળખાવી શકાય. જ્યારે તે ઉપયોગધર્મને અનુરૂપ વર્તતી માનસિક–વાચિક અને કાયિક પ્રવૃત્તિને યોગધર્મરૂપે ઓળખાવી શકાય. યોગધર્મ એ ઉપયોગધર્મની પ્રાપ્તિનું નિમિત્ત કારણ છે,

ઉપયોગ ધર્મ તો સર્વ આત્માઓ માટે એક સરખો જ હોઈ શકે. પરંતુ યોગધર્મ સર્વના માટે એક જ પ્રકારનો હોઈ શકે નહિ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે નવપદની પૂજામાં કહ્યું છે કે "યોગ અસંખ્ય કહ્યા તિહાં નવપદ મુખ્ય તે જાણો રે." એ ઉક્તિ અનુસાર સુદેવ –સુગુરૂ અને દર્શન–જ્ઞાન–ચારિત્ર તથા તપરૂપ ધર્મ, એ ત્રિવેણીની આરાધના રૂપ યોગધર્મ જ મુખ્ય છે. જેથી

પ્રયોગ ધર્મના આશ્રયે પ્રાપ્ત કરવા માટે [illegible]
આત્મધર્મના સ્વરૂપ [illegible] ધર્મના [illegible]
[illegible] પોતાની [illegible]
[illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા.
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
[illegible]